॥ श्री कृष्णाय नमः ॥

स्वधर्मवर्धक अने संशयछेदक.

પુસ્તક ૫ મું.

રચનાર,

ગોસ્વામિ શ્રીયદુનાથજી મહારાજ,

સુરતવાળા.

તથા

શ્રીબાળબોધ ગ્રંથ સટીક.

(શ્રીમહાપ્રભુજી કૃત.)

આવૃત્તિ ૧લી.   પ્રત, ૧૦૦૦.

છપાવી પ્રકટ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ખાડીયા, જેઠાભાઇની પોળમાં—અમદાવાદ.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૮, શ્રીવલ્લભાબ્દ ૪૩૪, સંવત ૧૯૬૮, સન ૧૯૧૨.

અમદાવાદ—ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

ન્યોછાવર રૂ. ૦-૪-૦. ટપાલખર્ચ ૦-૦-૬.

અનુક્રમણિકા.

શાસ્ત્રોની એક વાકયતા.

" एकं शास्त्रं देवकीपुत्रगीतम् ।
एको देवो देवकीपुत्रएव ॥
मंत्रोप्येकस्तस्य नामानि यानि ।
कर्माप्येकं तस्य देवस्य सेवा ॥ १ ॥ "

" ગીતા આગમ એક, એક દેવ દેવકિતનય;
નામો મંત્ર વિવેક, કર્મ એક તે પ્રભુભજન. "

(સમશ્લોકી.)

वेदाःश्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयं ॥ २ ॥

અર્થઃ—ચારે વેદનાં વચન તથા શ્રીગીતાજીનાં સર્વે વચન તથા વ્યાસ-સૂત્રનાં સર્વે વચન અને શ્રીમદ્‌ભાગવતની સમાધિ ભાષાનાં સર્વે વચન માનવાં એ શાસ્ત્રમાં કેવળ વેદનોજ અર્થ કહેલો છે.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराअिट विभाग]
अनुक्रमांक ४४१३ वर्गांक
पुस्तकनुं नाम स्वधर्मवर्णन अने संशय छेदक-૫
विषय પ/૨૨૬૨

સુરતવાળા.

તથા

શ્રીબાળબોધ ગ્રંથ સટીક.

(શ્રીમહાપ્રભુજી કૃત.)

આવૃત્તિ બીજી. પ્રત ૫૦૦.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.
પાઠીયા, હેરૂભાઈની પોળમાં—અમદાવાદ.
[illegible]

॥ श्रीकृष्णाय नमः ॥

धर्मसर्वस्व अने संशयच्छेदक.

પુસ્તક ૫ મું.

રચનાર,

ગોસ્વામિ શ્રીયદુનાથજી મહારાજ,

સુરતવાળા.

તથા

શ્રીબાળબોધ ગ્રંથ સટીક.

(શ્રીમહાપ્રભુજી કૃત.)

આવૃત્તિ બીજી. પ્ર. ૫[illegible].

છપાવી પ્રકટ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ખાડીયા, જેઠાભાઇની પોળમાં—અમદાવાદ.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૮, શ્રીવલ્લભાબ્દ ૪૩૪, સંવત ૧૯૬૮, સન ૧૯૧૨.

અમદાવાદ—ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

નોછાવર રૂ. ૦-૪-૦. ટપાલખર્ચ ૦-૦-૬.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ સંગ્રહ
૪૪૧૩

જાહેર ખબર.

સર્વે ગોસ્વામિ બાળકોના આશ્રય હેઠળ ચાલતી આવેલી

જુનામાં જુની શ્રીરાધાકૃષ્ણ મુકટશંગાર.

(સ્થાપિત સને ૧૮૫૫.)



૧ અમારે ત્યાં દરેક જાતના નાના મોટા [illegible] તમામ [illegible] આભુષણો, હાર, ગાદીપટા, [illegible], [illegible], [illegible] કામના [illegible] માંદીરીઆ જમાતો કરી શીંગાર, [illegible] સાથ કરશે, [illegible] અત્તર, અગર ચંદનના ગુંથા, અસલ તુળસીની [illegible], માળાઓ, [illegible] મહારાજોની નાની મોટી છબીઓ, તમામ [illegible] રમકડાં, જરીના બોકોને જડાવનાં તમામ [illegible] [illegible] કુમકુમ, સુરજની રંગરગના તથા અમારી દુકાનમાં બનેલો દરેક [illegible] માલ નમુના મોકલવાથી ઓગર લગાવામાં નમુના પ્રમાણે તૈયાર કરી વ્યાજબી કીમતે અમારે ત્યાંથી મળશે.

૨ શ્રી સર્વોત્તમસ્તોત્ર પ્રકાશક વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ તરફથી નિકળતાં શ્રીવલ્લભીયસાંપ્રદાયના પુસ્તકો પણ અમારી દુકાનથી મળશે.

ઉપરની ચીજો અમને ઓર્ડર [illegible] વળતરાર તથા વ્યાજબી ભાવે વી૦ પી૦ થી મોકલી આપીશું.

અમદાવાદ શ્રીનટવરલાલના મંદીર પાસે દોશીવાડાની પોળમાં.	}	**નારણદાસ કાશીદાસ.** મુકટવાળા.

॥ श्रीमथुरेशो जयति ॥



શ્રીમદ્ગોસ્વામિ શ્રીરણછોડલાલજી મહારાજ.

કોટા.

જન્મ દિવસ. સંવત ૧૯૪૮ પોષ સુદિ

॥ श्री [illegible]ष्णाय नमः ॥

स्वधर्मव[illegible]र्क [illegible] ने संशयछे[illegible]क.

पुस्तक ५ मुं.

प्रकरण पहेलुं.

पाखंडीना स्वरूप विषे.

पाखंडखंडक पत्रवाळाए पोताना चोपानियाना बीजा अंक मधे लख्युं हतुं जे "हिंदु शास्त्रमां एवुं कह्युं छे के कलियुगमां पाखंडमत घणा उभा थशे ते कलियुगने बेठे पांच हजार वर्षनो आशरो थइ चुक्यो छे, तेथी कलियुगमां जेटला मत चालेला छे ते सर्व पाखंडी छे; तेमां श्रीवल्लभाचार्यना मार्गने चालतां पोणीचारसें वर्ष थयां छे, तेथी ए मार्ग पण पाखंडी छे एवुं हिंदुना शास्त्रथी सिद्ध थाय छे." ए प्रमाणे पाखंडखंडकवाळाए लख्युं छे तेनो उत्तर आ पुस्तक मधे लखी जणाव्यो छे.

शास्त्रमां कह्युं छे के कलियुगमां पाखंडी मार्ग घणा चालशे तथा पाखंडीनुं स्वरूप पण शास्त्रमां कह्युं छे, तथा कलियुगनुं स्वरूप पण कह्युं छे, अने सत्यमार्गनुं स्वरूप पण कह्युं छे तथा आचार्योनुं प्राकटय कलियुगमां थशे तेपण कह्युं छे. ते शास्त्रना कह्या प्रमाणे अमे सर्वे वात हवे लखी जणावीए छीए.

पाखंडी लोकोनुं स्वरूप श्रीभागवत् द्वादशस्कंधना त्रीजा अध्यायमां श्लोक ४३ मां कह्युं छे:—

कलौनरा[illegible]जगतां परंगुरुं त्रिलो[illegible]नाथानतपादपंकज[illegible] ।
प्रायेणमर्त्याभगवंतमच्[illegible]तं यक्ष्यंतिपाषंड विभिन्नचेतसः ॥१॥

अर्थः—हे राजा परीक्षित! कलियुगमां जगत्‌ना गुरु अने त्रणलोकना नाथ एवा जे भगवान् तेनां चर्णारविंदने नमन करशे नहीं, अने

ભગવાનનું સેવન પણ લોક કરશે નહીં; કારણ કે તેનું ચિત્ત પાખંડે કરીને હરિના સેવનથી દૂર થશે અને બીજું સાધન તેને કરવાનું સુજ પડશે, એ રીતે આ શ્લોકમાં કહ્યું છે કે પાખંડી લોક હરિના સેવનની નિંદા કરશે અને હરિના સેવનને મૂર્ત્તિપૂજન કરીને જાણશે અને કેવળ મૂર્ત્તિપૂજન જાણનારને નર્કની પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી છે, તે શ્લોક અમે આસો માસના પહેલા અંકનાં પુસ્તકમાં લખેલા છે, તેથી એ વાત સર્વેના જાણવામાં છે. એવીજ રીતે પાખંડી લોકોનું સ્વરૂપ સ્કંધપુરાણ-મા કહ્યું છેઃ—

कर्मणामनसावाचा श्रीकृष्णंभजंतेये ।
संप्रदायीगुरोर्वाक्यात्ते विष्णोर्नकलौनराः ॥

અર્થઃ-ભક્તિમાર્ગ ચલાવનાર જે સંપ્રદાયી ગુરૂ તેના વચન પ્રમાણે જે જીવ ક્રીયાએકરીને તથા મનેકરીને તથા વાણીયેકરીને એક શ્રીકૃષ્ણ-ને સેવે છે તથા ગાન કરે છે; તે જીવને ભગવાનના ભક્ત જાણવા. તે જીવને કલિયુગના જીવ ન જાણવા.

अनाश्रित्यहरिंजीवाः कलौपाषंडसंकुलाः ।

અર્થઃ-જે જીવ હરિને આશરો કરતા નથી તે જીવને કલિયુગના જાણવા અને પાખંડી જાણવા. એ રીતે સ્કંધપુરાણમાં કહ્યું છે. વળી પદ્મપુરાણમાં પણ એજ રીતે કહ્યું છે તે શ્લોકઃ-

द्वेष्टारोविष्णुभक्तानां येनावैष्णवसंश्रयाः ।
पाषंडमिश्रसंयुक्ता स्तेवैपाषंडिनःस्मृताः ॥

અર્થઃ-જે જીવ વિષ્ણુ ભક્તના દ્વેષી છે, અને જે જીવ ભક્તિમાર્ગ-નો આશરો કરતા નથી, અને ભગવાનની ભક્તિ મૂકીને બીજા સાધનને ઉત્તમ કરીને માને છે, એવા પાખંડસહિત જે જીવ છે, તેને શાસ્ત્રમાં પાખંડી કહેલા છે, એજ રીતે પારાશર સ્મૃતિમાં કહ્યું છેઃ-

अवैष्णवस्तुयोविप्रः सर्वधर्मरतापिवा ।
सपाषंडइतिविज्ञेयो सर्वकर्मसुगर्हितः ॥

અર્થઃ—જે બ્રાહ્મણ ભગવાનને ભક્ત નથી, અને ભક્તિ વગર બીજા સર્વે ધર્મે કરીને રહિત છે, તોપણ તેને પાખંડી જાણવો, અને

વેદના કર્મ કરાવવામાં તેને અયોગ્ય જાણવો. તેની પાસેથી શ્રાદ્ધાદિક કશું પણ કર્મ કરાવવું નહી. એવીજ રીતે વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છેઃ-

अवैष्णवस्यपांडित्यं सर्वशास्त्रसमन्वितम् ।
वचस्तस्य नग्रण्हीयात् श्वनालोदंहविर्यथा ॥

અર્થઃ—અભક્તનું પંડિતપણું સર્વે શાસ્ત્ર સહિત છે, તો પણ તેનાં વચનો સાંભલવાં તથા વાંચવાં નહી. કારણ જે જેવું કુતરાના છાણમાં પવિત્ર અન્ન પડેલું હોય છે તે અન્ન જેમ અપવિત્ર છે, અને લેવા યોગ્ય નથી, તેવા અભક્તના મુખનાં વચન છે, તે પણ લેવા યોગ્ય નથી. એજ રીતે વસિષ્ટ સ્મૃતિમાં કહ્યું છેઃ-

भगवतंमनुद्दिश्य यःकर्मकुरुतेनर ।
सपाषंडीतिविज्ञेयः सर्वकर्मसुगर्हितः ॥१॥
श्रुतिस्मृत्युदितंसर्व मकृत्वायश्चरेन्नरः ।
विकर्मस्थत्मविज्ञेयः सर्वकर्मसुगर्हितः ॥२॥
योवेदार्थंगणयंति धर्माधर्मनविंदति ।
नबुध्येनपरंलोकं सनास्तिकउदाहृतः ॥३॥

અર્થઃ—ભગવાનના સેવનનું ઉદ્દેશ જેમાં નથી એવા જે કર્મ કરે છે, તે પુરૂષને પાખંડી જાણવો, અને સર્વે વેદના કર્મ કરાવવામાં તેને અયોગ્ય જાણવો. ૧—વેદમાં તથા સ્મૃતિમાં જે ધર્મ કહ્યા છે તે ધર્મનુ જે પુરૂષ આચરણ કરતો નથી, તેને કર્મ રહિત જાણવો અને અયોગ્ય જાણવો. ૨—જે વેદના અર્થને ખોટા કરીને જાણે છે, અને ધર્મ તથા અધર્મનો વિવેક જે પુરૂષ જાણતો નથી, અને પરલોકમાં શી ગતી થશે તેનો વિચાર જે જીવ કરતો નથી, તે પુરૂષને નાસ્તિક જાણવો. એવીરીતે પુરાણોમાં, સ્મૃતિઓમાં અને વેદમાં ઠામઠામ અભક્તને પાખંડી કહેલા છે, અને વેદના કર્મ કરાવવામાં તેને અયોગ્ય કહેલા છે, અને તેની વાણી અપવિત્ર કહેલી છે, તેનું કારણ એ છે કે સર્વે જીવ ભગવાન માંહેથી ઉત્પન્ન થએલા છે તેથી ભગવાન સર્વ જીવના પિતા છે અને વર્ષા વસંતાદિક ઋતુએ કરીને સર્વ અન્નફલ નીપજાવીને આ જીવનું પાલણ

પોષણ કરે છે; માટે સ્વામિ છે. વળી દેહની માંહે અઠાવીશ તત્ત્વ રૂપે થઇને અંશે કરીને પોતે બિરાજે છે, તેથી આ દેહ ચાલી-હાલી શકે છે. અને સર્વે કામ કરવાનું જ્ઞાન એ જીવને ભગવાન આપે છે, માટે સર્વે જીવોના ઉપકારકર્ત્તા એક ભગવાનજ છે. એવી રીતે સર્વે જીવોના પિતા તથા ધણી તથા ઉપકાર કર્ત્તા જ્યારે ભગવાન છે ત્યારે એ જીવને ભગવાનના સાથે શું કરવું ઘટાર્થ છે? તેનો વિચાર કરવો જે ભગવાન પિતા છે, અને જીવ પુત્ર છે, તે પુત્રનો શો ધર્મ છે? પિતાની સેવા કરવી એજ ધર્મ પુત્રનો છે. જો બાપની સેવા ન કરે તો તે કુપુત્ર કહેવાય છે. તેમ જીવના પાલણ કરનાર પણ ભગવાન છે માટે જીવના ધણી છે, તેથી જીવ ભગવાનનો દાસ છે. હવે દાસનો ધર્મ એજ છે કે પોતાના ધણીની સેવા કરવી. જો સેવા ન કરે તો દાસનો ધર્મ જાય તેથી તે અધર્મી કહવાય છે. તેમ દેહને ચલાવનાર, જ્ઞાનના આપનાર તથા જીવાડનાર પણ ભગવાન છે. અને ઉપકારના કરનાર છે, ત્યારે ઉપકાર કરનારની પણ સેવા કરવા ઘટે છે. તે ન કરે તો તે જીવ કૃતઘ્ની કહેવાય છે. એ ત્રણે રીતથી જોતાં ભગવાનની સેવા તથા તેની નવધાભક્તિ કરવી એજ જીવ માત્રનો મુખ્ય ધર્મ છે. તેને મૂકીને તથા તેને તુચ્છ ગણીને જ્ઞાન તપાદિકને જે જીવ ઉત્તમ માને છે, તે જીવ કુપુત્ર, અધર્મી, કૃતઘ્ની, પાખંડી અને અયોગ્ય ન્યાયની રીતીથી છે. માટે શાસ્ત્રમાં ભગવાનના અભક્તનેજ પાખંડીમાં ગણેલા છે. ને તેના વચન શાસ્ત્ર સહિત છે તો પણ સાંભળવા તથા વાંચવાની ના કહી છે. તેનું કારણ પણ એજ છે કે શાસ્ત્રમાં તો અનેક સ્થાને જીવોને જવા સારૂ અનેક માર્ગો કહેલા છે, પણ ભગવાનની પાસે જવા સારૂ તો એક ભગવાનની ભક્તિજ કહેલી છે અને જન્મ મરણના દુઃખથી છોડાવનારી પણ એક ભક્તિજ છે. કેમકે બીજા સાધનવાળા જીવ તે સાધનનું પુન્યફલ ભોગવીને પાછા પૃથ્વીમાં જન્મ પામે છે. પણ ભગવાનની ભક્તિ કરનારનો ફરી જન્મ પૃથ્વીમાં થતો નથી. એવી રીતે શ્રીગીતાજીમાં ભગવાને કહ્યું છે. તે શ્લોક હમે આગલા પુસ્તકમાં લખેલો છે, તેથી સર્વેના જાણવામાં એ વાત આવી હશે. પણ શાસ્ત્રના સિદ્ધાંતને જે લોક બરાબર જાણતા નથી તે લોક અભક્તનું કહ્યું ખરૂં માનીને તે માર્ગે ચાલે છે, માટે ભક્તિને તે લોકો તુચ્છ માનીને મૂકી દઇ બીજે માર્ગે ચાલવાની ઇચ્છા કરે છે.

તેથી જીવ માત્રને જન્મમરણનું દુઃખ વારંવાર ભોગવવું પડે છે. અને ભગવાનની પ્રાપ્તિ થતી નથી, એટલા સારૂ અભક્તની વાણીને અપવિત્ર કુતરાના છાણમાં પવિત્ર અન્ન મળેલા જેવી કહી છે. તે સાંભળવા અને વાંચવા યોગ્ય કહી નથી, તેનું કારણ ઉપર પ્રમાણે જાણવું. શાસ્ત્રમાં જે જે વાત કહી છે તે ખરી છે. તે વાતને ખોટી માને તો તેનો દોષ કહેલો છે તે શ્લોક પ્રથમ અંકના પુસ્તકમાં કહેલો છે. માટે અન્ય માર્ગીય લોકો શાસ્ત્રના વચનને ચાહે તેમ માનો, પણ ભક્તિમાર્ગના ભક્તોએ તો શાસ્ત્રના વચનને સત્ય માનવું એ રીતે શ્રીમહાપ્રભુજીએ શાસ્ત્રાર્થ પ્રકરણ નિબંધ ગ્રંથમાં કહ્યું છે. અને તે પ્રમાણે શાસ્ત્રની વાત ખરી છે, તે વાત સર્વેના અનુભવમાં પણ આવે છે, અને નજરે પણ દેખાય છે, જે કલિયુગમાં પાખંડી ઘણા થશે, અને સત્ય ધર્મને જાણનાર થોડા થશે, એ રીતે શાસ્ત્રમાં કહ્યું છે, તે હવે નજરથી દેખાયજ છે જે હિંદુ ધર્મના ચાલનાર તેજ પુરૂષ હિંદુ શાસ્ત્રને ખોટાં કરીને અસુરના શાસ્ત્રના મતને ખરૂં માને છે, અને હિંદુઓને વટલાવવા સારૂ હિંદુઓ પ્રયત્ન કરે છે, એ કેટલી ઉલટી વાત ન્યાયથી તથા શાસ્ત્રથી છે ? એ વાતનો વિચાર કરી જુવો. ભગવાને તેનો જન્મ હિંદુ જાતમાં આપેલો છે, તેથી ભગવાનની મરજી તેને હિંદુધર્મનું આચર્ણ કરાવવાની છે. તે ભગવાનની મરજી મૂકીને પૈસાના લોભ સારૂ અસુરના ધર્મનું આચર્ણ કરવાની ઇચ્છા રાખે છે, તેથી ભગવાનની મરજીથી ઉલટે રસ્તે ચાલવાની તેની મરજી છે, એવું સાફ માલુમ પડે છે. જો તે જીવ પાસેથી અસુર ધર્મ આચર્ણ કરાવવાની ભગવાનની મરજી હોત તો તે જીવનો જન્મ અસુર જાતીમાં ભગવાન આપત, પણ તેનો જન્મ તો હિંદુમાં ભગવાને આપેલો છે, તેથી એ જીવ ભગવાનની મરજી છોડીને ચાલે છે, માટે શાસ્ત્ર રીતથી તથા ન્યાયથી તે જીવ દંડ પામવા યોગ્ય છે, એ પણ સાફ માલુમ પડે છે, માટે એવા જીવને અધર્મી જાણવો. સપ્તમસ્કંધ ભાગવતમાં પાંચ પ્રકારના અધર્મ ગણાવેલા છે, અને તેમાં કહ્યું છેઃ—

परधर्मोन्यचोदितः ।


અર્થઃ—પરધર્મ તેજ છે જે અસુરલોકોએ પોતાના શાસ્ત્રમાં કહ્યા છે તે હિંદુઓ ગ્રહણ કરે તો તે અધર્મી થાય. અને શ્રીગીતાજીમાં કહ્યું છે

અ. ૩-૩૫ :-

परधर्मो भयावहः ।

અર્થઃ—અન્ય જાતીનો ધર્મ છે, તે ભયને આપનાર છે, તેથી તે પરધર્મ આચર્ણ કરવાથી તે જીવને કદી સુખ નહી થાય.

વળી સુધારાવાળાઓએ રામમોહનરાયે એક બંગાલી બ્રાહ્મણ અંગ્રેજનો ચાકર હતો તે અંગ્રેજોના સંગથી વટલી ગયો હતો તેણે વિલાયતમાં અંગ્રેજોની સાથે ભક્ષાભક્ષ કર્યું હતું. તેને જ્ઞાનીઓની અને મહા પંડિતોની ગણતીમાં ગણેલો છે. અને ગીતાજીમાં શ્રીકૃષ્ણનું કહેલું વેદાંત તથા ભાગવત તૃતીય સ્કંધમાં કપીલદેવજીનું કહેલું વેદાંત, તથા એકાદશ સ્કંધમાં, શ્રીકૃષ્ણનું કહેલું વેદાંત, એ સર્વે વેદાંત મૂકી દઇને વટલેલો બ્રાહ્મણ એવો જે રામમોહનરાયે તેનું કહેલું વેદાંત એણે પોતાના ચોપાનીઆમાં લખ્યું છે, ને હિંદુ લોકોને તે વેદાંત સમજવાની ભલામણ કરી છે, તે ઉપરથીજ સર્વેના જાણવામાં આવશે કે એ લોક કેવા છે. અને રામમોહનરાયને થયે પચાસ વર્ષ થયાં તે મહા પંડિત લખે છે, ને શ્રીવલ્લભાચાર્ય જે શ્રીગીતાજી ભાગવતના વેદાંતને માને છે તેને પાખંડી કહે છે. હવે એવા જ્ઞાનીને તે હમે શું કહીયે ? ધન્ય છે એવા જ્ઞાનને અને એની સમજને. વેદાંતમાં જ્ઞાનીને માંસ ભક્ષણ કરવાનું કહ્યું છે કે શું ? ના કદી નહી, વેદાંતનું સિદ્ધાંત એ છે જે ભગવાનમાંથી આ સર્વે જગત્ ઉત્પન્ન થયું છે, માટે કોઇ જીવની હિંસા કરવી નહી, કેમકે સર્વેમાં ભગવાન અંશે કરીને બિરાજે છે, માટે ઝીણા જીવથી મ્હોટા જીવ સુધી દયા રાખીને તેની રક્ષા કરવી, એ વેદાંતનો સિદ્ધાંત છે. રામમોહનરાય વેદાંતમાં સમજ્યો હોત તો માંસ ભક્ષણ કરવાને ધિક્કાર કરત, પણ પૈસાના લોભ આગળ એણે પોતાનો બ્રાહ્મણ ધર્મ જાણ્યોજ નહી, એ સાફ માલુમ પડે છે. એ રીતે પાખંડીના સ્વરૂપનું પ્રકરણ પહેલું સંપૂર્ણ.



પ્રકરણુ બીજું.

કલિયુગના સ્વરૂપનું વર્ણન.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છેઃ-

यवाकारःकलि यः कालरूपणकेवल ।
सपुच्छ यवाज्ञेयः च्छंसूकइतिस्मृत ॥१॥
आद्यं-शसहस्रंतु यवरूपंप्रकीर्तितम् ।
तदूर्द्ध च्छसंज्ञंस्यात् कलिकालंतुनीरसम् ॥२॥
तुषाधिकोल्पसत्वश्च ह्या वितयवोभवेत् ।
सत्वाधिकोमध्यभागे च्छेसारांशवर्जितः ॥३॥
पंचवषस स्रांत मेव ध्यंप्रकीर्तितम् ।
सधर्मोभ वर्द्धक्ति स्ततःकालेनव ते ॥४॥
ततावर्षा तस्यांतं यवस्यांतंवदंतिहि ।
तत्रभक्तिश्चधर्मश्च क्रमादंतंव्र जेष्यति ॥५॥

અર્થઃ—જેવો જવનો આકાર છે તેવો કલિયુગનો આકાર છે. જવના પહેલા ભાગમાં અન્ન નથી, વચ્ચેના ભાગમાં અન્ન છે, અને છેલ્લું લાંબુ પુછડું છે તે સુકુ છે, તેવો કલિયુગ છે. કલિયુગના દશ હજાર વર્ષ જાય ત્યાં સુધી જવ ગણાય છે, ત્યાર પછીના બધા વર્ષ સુકા પુછડામાં ગણાય છે, અને થોડો અન્નનો ભાગ જવના પહેલા ભાગમાં તથા છેડાના ભાગમાં છે, અને અન્નનો ઘણો ભાગ જવના મધ્યમાં છે, અને પુછડું તો કેવળ અન્ન વગરનું છે. કલિયુગનાં પાંચ હજાર વર્ષ જાય ત્યાં સુધી જવનો મધ્ય ભાગ કહેવાય છે તો પાંચ હજાર વર્ષમાં ધર્મ તથા ભગવાનની ભક્તિનો વધારો થશે, અને પાંચ હજાર વર્ષ પછી દશ હજાર વર્ષ સુધી ધીરે ધીરે ધર્મ તથા ભગવાનની ભક્તિનો ઘટાડો થતો જશે, કેમ કે દશ હજાર વર્ષ સુધી જવનો છેડો છે. દશ

હજાર વર્ષ પછી ધર્મ તથા ભક્તિનો નાશ થઇ જશે, કેમ કે, પછી કલિયુગનું સુકું પુછડું છે. એ રીતે કલિયુગનું સ્વરૂપ શાસ્ત્રમાં કહી ગયા છે, તેજ રીતે દેખાય પણ છે. કલિયુગના મધ્ય ભાગમાં સર્વે ભક્તિમાર્ગીય આચાર્યોનાં પ્રાકટ્ય થયાં છે, અને ભગવાનના અનુભવી ભકત પણ એટલામાંજ થયા છે, કલિયુગ બેસતામાં થયા નથી. માટે આચાર્યોના પ્રાકટયની સુચવણી બ્રહ્મવૈવર્ત પુરાણમાં પણ કરી છે. અને પાખંડખંડકવાળા કહે છે કે કલિયુગ બેઠો તે દહાડાથી જે માર્ગ ચાલેલા છે તે સર્વ પાખંડી છે. પણ એણે શાસ્ત્ર કાને પણ સાંભળ્યાં નથી, અને પંડિતાઇ કરે છે તે પંડિતાઇ જેણે શાસ્ત્ર સાંભળ્યાં નથી તેમાં તો ચાલશે, પણ શાસ્ત્રને જાણનાર આગળ તો એની પંડિતાઇ ચાલનાર નથી. એ ઠેકાણે કોઇ એમ પ્રશ્ન કરશે કે એ પાખંડખંડક વાળા શાસ્ત્રમાં સમજતો નથી, ત્યારે પાખંડખંડક ચોપાનીઆમાં એણે સર્વે વેદ ઉપવેદ પુરાણનાં નામ કયાંથી લખ્યાં છે ? એવી કોઇ આશંકા લાવીને એને સમજનારમાં ગણશે તો, તેનું અમે સર્વે લોકોને જાણ કરીએ છીએ કે અમદાવાદમાં બ્રાહ્મણોની સભા થાય છે, તે ચોપાનીયા દર માસે છપાય છે, તેમાંથી એ લખે છે. અને એનું હારદ એજ છે કે હિંદુશાસ્ત્રથી લોકોને દૂર પાડવા. પણ શ્રીભાગવત તૃતીય સ્કંધમાં, એકાદશસ્કંધમાં અને દ્વાદશસ્કંધમાં સાફ કહ્યું છે કે સર્વે વેદ, પુરાણ અને સ્મૃતિયો, પ્રથમ પુરૂષ જે બ્રહ્માજી તેણે પોતાના માનસી પુત્રોને ભણાવ્યા. અને માનસી પુત્રો પાસેથી બીજા ઋષિઓ ભણ્યા છે, તેઓ પોતપોતાના નામથી સંહિતાઓ અને સ્મૃતિઓ જગત્‌ના ઉપકાર ને સારૂ કરેલી છે, માટે વેદ પુરાણ સ્મૃતિઓને ઋષિઓની કરેલી કદી જાણવી નહીં. એજ રીતે શ્રીગીતાજીમાં કહ્યું છે જે શાસ્ત્ર ભગવાનનું કરેલું છે. એજ રીતે સર્વે વેદ પુરાણોમાં તથા વેદમાં કહેલું છે, અને તે કહેનાર ઋષિઓનાં સ્વરૂપ શાસ્ત્રમાં લખેલાં છે, તે ઋષિઓ વૈકુંઠ સુધી જઇ શકતા હતા તે ઋષિઓએ શાસ્ત્ર કરેલું છે. અને હમણાંના લોક કહે છે કે શાસ્ત્ર ઋષિઓના કરેલાં છે તે એ પ્રમાણે છે. જેમ, દીકરો કહે જે હું બાપ જનમ્યો તેને જાણું છું, પણ બાપનો જન્મ થયો તે દીકરાએ કદી દીઠો નથી. પ્રાચીનકાળમાં શાસ્ત્ર થયાં છે તે વાત હમણાંના આજ

કાલના જન્મેલા લોક શી રીતે કહી શકશે, જે શાસ્ત્ર ઇશ્વરકૃત નહી? પ્રાચીનકાળના લોક સર્વે એમ કહેતા આવ્યા છે કે શાસ્ત્ર ઇશ્વરનાં કરેલાં છે. જો શાસ્ત્ર ઇશ્વરનાં કહેલાં ન હોય તો તે વખતથી આજદીન સુધી શાસ્ત્રને કોઇ માનત નહી. ઋષિઓ તો ભીખારી બ્રાહ્મણ હતા તેની વાત કદિ કોઇ માને નહી. જે જે ધર્મવાળા નવું શાસ્ત્ર કરેછે, તે પ્રાચીન કાળના શાસ્ત્રનો આધાર લઇને કરે છે. જો એમ ન કરે તો તેનું કરેલું શાસ્ત્ર કોઈ માણસ માને નહી, એ વાત સર્વેના અનુભવમાં છે, એ વાત ને કદિ કોઇ ખોટી કહેશે તો તેણે પ્રાચીન શાસ્ત્રનો આધાર લીધા વગર પોતાનું નવું શાસ્ત્ર કરીને બતાવવું. પણ તેમ કોઇથી બનનાર નથી, માટે શાસ્ત્ર તે ઇશ્વરનાંજ કહેલાં છે, એ વાત ખરેખરી છે. જ્યારે ઈશ્વરે આ જગત્‌નું રાજ કરવું ચલાવ્યું ત્યારે તે જગત્‌ને ચલાવવા સારૂ કાયદા પણ ઇશ્વરેજ કહેલા છે, જો જગત્‌ને ચાલવા સારૂ કાયદા પોતે ન કરેતો આ જગત્ ધર્મ અધર્મને જાણી પણ શકે નહી, અને તેથી નર્કમાં સર્વે જીવ જાય, એ અનીતિનો બચાવ કરવા સારૂ ઇશ્વરને શાસ્ત્ર કરવાની પણ ઘણી અગત્ય છે, અને એ ઉપરથી પણ વિચાર કરતાં સાફ માલુમ પડે છે જે શાસ્ત્ર ઇશ્વરે પ્રથમ પુરૂષને કહેલું છે. અને પ્રથમ પુરૂષે ઇશ્વરની આજ્ઞા પ્રમાણે આ સૃષ્ટિને કહેલું છે. માટે અજ્ઞાની લોકોની વાત સમજુ લોકોએ ખરી માનવી નહી. એ રીતે કલિયુગનું સ્વરૂપ તથા શાસ્ત્ર ઉત્પત્તિની સુચનાનું પ્રકરણ બીજું સંપૂર્ણ.

પ્રકરણ ત્રીજું.

આચાર્યોના પ્રાકટય વિષે.

શ્રીમદ્‌ભાગવત્ એકાદશસ્કંધના પાંચમા અધ્યાયમાં ચાર યુગના ધર્મના પ્રસંગમાં કહ્યું છે, જે કલિયુગમાં મ્હોટા પુરૂષ પ્રકટ થશે. તે શ્લોક-૩૮ માંમાં કહ્યું છેઃ—

कृतादिषु प्रजा राजन् [illegible]विच्छंति संभवम् ।
कलौ खलु भव[illegible]ति नारायणपरायणाः ॥१॥

कचित्क्वचिन्महाराष्ट्रे द्राविडेषु च भूरिशः ।
प्रायोभक्ताभविष्यंति वासुदेवेऽमलाशयाः ॥२॥

અર્થઃ—નવ યોગેશ્વરે જનક રાજાને કહ્યું છે, જે હે રાજા ! સતયુગ, ત્રેતાયુગ તથા દ્વાપરયુગ, એ ત્રણે યુગની પ્રજા કલિયુગમાં જન્મ લેવાની ઈચ્છા રાખે છે, કારણ કે કલિયુગમાં નિશ્ચે કરીને ભગવાનના મ્હોટા ભક્ત પ્રકટ થશે, તેના સંગથી બીજા ઘણા જીવો ભગવાનની શરણ પામશે. તે મ્હોટા પુરુષો કયા દેશમાં પ્રકટ થશે તેપણ કહેછે. જે તે મ્હોટા પુરુષો મહારાષ્ટ્રમાં તો કોઇ કોઈ પ્રકટ થશે, પણ દ્રાવિડમાં તો ઘણા થશે અને ઘણુંકરીને તે ભગવાનના ભક્ત થશે, જેના અંતઃકરણ એક શ્રી-કૃષ્ણની ભક્તિ કરવા ઉપરજ લાગશે. એ રીતે બ્રહ્મવૈવર્ત પુરાણમાં સમયની સુચવણી આપી છે અને શ્રીમદ્‌ભાગવતમાં દેશની સુચવણી આપી છે. તેથી ભક્તિમાર્ગીય આચાર્યોના જન્મ દ્રાવિડમાંજ થયા છે, અને તે આચાર્યોએ ભગવાનનો ભક્તિમાર્ગ ચલાવેલો છે, માટે જગત પ્રસિદ્ધ ભક્તિમાર્ગના ચલાવનાર એ ચાર આચાર્યોજ કહેવાય છે. એના નામ પદ્મપુરાણમાં પણ કહેલાં છેઃ—

यदाभागवती नष्टे क्षीतौभवातिवत ।
अंशेनभगवान्विष्णुः स्वात्मानंसृजतीस्वयं ॥१॥
तमाश्रित्यजनाःसर्वे भा[illegible]जामवंतिहि ।
[illegible]मेबालिवर्द्धा यथाश्रित्यभ्रमंति[illegible] ॥ २ ॥

અર્થઃ—જ્યારે ભક્તિમાર્ગીય સૃષ્ટિ ઘટવા માંડે છે ત્યારે અંશસહિત ભગવાન્ એવા જે વિષ્ણુ તે પોતે પોતાના આત્માને પ્રકટ કરે છે. એટલે અવતાર ધારણ કરે છે. તેના આશ્રયે કરીને સર્વે જીવોં નિશ્ચે પાછા ભગવાનના ભક્તં થાય છે. કારણ કે જેમ ઘાણીનો બળદ હાંકનારના ચલાવ્યા પ્રમાણે ચાલે છે, તેમ સર્વે ભક્તિમાર્ગીય જીવો પાછા આચાર્યોના કહ્યા પ્રમાણે ચાલવા લાગે છે, તેથી કરીને ભગવાનના ભક્ત થઇને ભગવાનને પામે છે. એજરીતે શ્રીગીતાજીના ચોથા અધ્યાયના ૭ મા શ્લોકમાં શ્રીભગવાને કહ્યું છેઃ—

यदायदाहिधर्मस्य ग्लानिर्भवतिभारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानंसृजाम्यहम् ॥१॥

અર્થઃ-હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મનો નાશ થવા માંડે છે, અને અધર્મની વૃદ્ધિ થવા માંડે છે, ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરૂં છું, એ રીતે શ્રીગીતાજીમાં કહ્યું છે. વળી પદ્મપુરાણમાં કહ્યું છે તે શ્લોકઃ-

संप्रदायविहीनाये मंत्रास्तेनिष्फलामताः ।
अतःकलौभविष्यंति चत्वारःसांप्रदायिनः ॥१॥

અર્થઃ-ભક્તિમાર્ગીય સાંપ્રદાય વગરના જે જીવો છે, તેને ભગવત્ મંત્ર સાંપ્રદાય ગુરૂના ઉપદેશ વગર નિષ્ફળ થશે, એટલા સારૂ ભક્તિમાર્ગ ચલાવનાર ચાર સાંપ્રદાયના આચાર્યો કલિયુગમાં પ્રકટ થશે. એ રીતે કલિયુગમાં આચાર્યોના પ્રાકટ્ય વિષે ઘણા પુરાણોમાં કહ્યુંછે. પણ તે સર્વે વાક્ય લખતાં ગ્રંથ વધી જાય છે, માટે સંક્ષેપમાં એ આચાર્યોના જન્મનું પ્રકરણ લખ્યું છે. એ રીતે આચાર્યોના અવતારનું પ્રકરણ ત્રીજું સંપૂર્ણ.

પ્રકરણ ચોથું.

નાતરાની બાબતનું.

મુંબઈના ટાઉનહૉલમાં સુધારાવાળાની સભા નાતરૂ કરાવવા બાબતમાં ભરાઈ હતી, તેમાં નાતરૂ કરવા વિષે તે લોકોએ શાસ્ત્રના શ્લોક પાંચ લખ્યા હતા, તે શ્લોકોનો અર્થ તેજ ઋષિઓના વચનથી લખીને અમે ગયા માસના તેજ પુસ્તકમાં બતાવ્યા છે, એ ઉપરથી સર્વે-ની ખાત્રી થઇ હશે, જે સુધારાવાળાએ તે પાંચ શ્લોકનો અર્થ એ ઋષિ-ઓના કહ્યાથી ઉલટો કર્યો છે. અગર તે અર્થ તેનો કરેલો ખરો હશે તો તે લોક અમારા કરેલા અર્થને ખોટો કરીને બતાવી આપશે તે પાંચ શ્લોકમાં કન્યા વરવાને ઠેકાણે 'પરણેલી કન્યા' એવો અર્થ લખેલો છે પણ તે અર્થ તે શ્લોકમાં નથી, કારણ કે શાસ્ત્રમાં સપ્તપદી થયા પછી તે કન્યા બીજા વરને પરણાવવાની ના કહેલી છે, તે વચન પણ તેમાં અમે

લખેલાં છે. હવે તેના છઠ્ઠા શ્લોકના અર્થથી અમે આ પુસ્તકમાં લખ્યા મયુખ વીર મિત્રોદયનું વચન સુધારાવાળાએ લખ્યું છે. તે વચનઃ-

केवलंशास्त्रमाश्रित्य नकर्तव्योहिनिर्णयः ।
युक्तिहीनेविचारेतु धर्म ानिः प्रजायते ॥६॥

અર્થઃ—સુધારાવાળાએ અર્થ કર્યો છે જે, " કેવળ શાસ્ત્રનોજ આશરો લઇને કોઈ નિર્ણય કરવો નહી, તે નિર્ણય વિવેક બુદ્ધિની સાથે કરવો, એમ ન કરવાથી ધર્મની હાનિ થાય છે. અર્થાત દેશકાળ સ્થિતિ જોતાં જે શાસ્ત્ર અનુકુલ આવે તે પ્રમાણે વર્તવું જોઈએ, એમ ન વર્તીએ તો ધર્મની હાનિ થાય. " તેમાં ધર્મ શાસ્ત્રનું પ્રસિદ્ધ વચન શ્લોક સાતમો લખ્યો છેઃ—

देशकाला-सारेण वर्तव्यंनान्यथाक्वचित् ।

અર્થઃ-"દેશ, કાલને અનુસરીને વર્તવું, બીજે પ્રકારે નહી વર્તવુ" હવે ઉપલા બન્ને શ્લોકનો અર્થ અમે લખીએ છીએ. એકલા શાસ્ત્રનો આશરો લઇને હરેક વાતનો નિર્ણય કરવો નહી, જો તે નિર્ણય યુક્તિથી અને વિચારથી હીન હોયતો તેથી ધર્મની હાનિ થાય. એવો એ શ્લોકમાં અર્થ છે. હવે એ શ્લોકમાં કહ્યું છે જે તે નિર્ણય યુક્તિથી તથા વિચારથી હીન હોય તો તેથી ધર્મની હાનિ થાય, પણ એ યુક્તિ તથા વિચાર શાસ્ત્રનોજ લેવાનું એ શ્લોકમાં કહ્યું છે. એ ઠેકાણે સુધારાવાળા એવો અર્થ કરે છે જે, " શાસ્ત્રના સિદ્ધાંતનો નિશ્ચય પોતાની બુદ્ધિના વિવેક સાથે કરવો, એમ ન કરે તો ધર્મની હાનિ થાય. " એ રીતે કહે છે, પણ આપણી એકલી બુદ્ધિથીજ હરેક વાતનો વિવેક થઇ શકતો નથી. વિવેક એટલે સારા તથા નરસાનો નિશ્ચય કરવો, અથવા કરવા તથા ન કરવાનો નિશ્ચય કરવો, એનું નામ વિવેક કહે છે; પણ સારા નરસાનો તથા કરવા ન કરવાનો વિવેક શાસ્ત્રના આધાર ઉપર રહેલો છે. વળી બુદ્ધિના ત્રણ ભેદ મનુષ્યોમાં દેખાય છે, મંદ, મધ્યમ અને તિક્ષ્ણ, એ ત્રણ ભેદ જ્યારે બુદ્ધિમાં છે ત્યારે સર્વેની બુદ્ધિ ખરેખરો નિશ્ચય શી રીતે કરી શકશે ? કદિ નહી થાય.. એટલાજ સારૂં કોંસીલમાં હરેક વાતની તપાસ કરવા સારૂ કોંસીલર્સ રાખે છે તેમાં એવી રીત છે

કે હરેક વાતનો નિશ્ચય કરવામાં બે મત પડે તો તેમાંથી ઘણા જણની બુદ્ધિનો નિશ્ચય કબુલ રાખે છે, અને થોડા જણની બુદ્ધિને રદ કરે છે, જો બુદ્ધિમાં નિશ્ચય કરવાની સામર્થ્ય હોય તો બુદ્ધિને રદ કરે નહી, અને તે નિર્ણય સર્વે જણનો કરેલો સરખો પડે. માટે સુધારાવાળા એકલી બુદ્ધિથી નિશ્ચય કરવાનું કહે છે, પણ એ વાત જગત્ના વહીવટથી તથા ન્યાયની રીતથી ઉલટી છે. સમજુ લોકોએ એ વાતનો વિચાર કરી જોવો.

બીજું એ જે, જે જે વાત આપણા સાંભળવામાં આવી છે તે તે વાતનો નિશ્ચય કરવામાં આપણી બુદ્ધિ ચાલે છે. વગર સાંભળેલી અને અજાણી વાતમાં આપણી બુદ્ધિથી તે વાતનો વિવેક થઇ શકતો નથી. એટલાજ સારૂ વાદી પ્રતિવાદી એ બંન્નેની વાતમાં શાહેદીઓ લે છે. અને શાહેદીથી નિશ્ચે કરે છે, જો એકલી બુદ્ધિથીજ નિશ્ચે થઇ શકતો હોત તો શાહેદી લેવાની કાંઇ જરૂર પડે નહી. માટે બુદ્ધિને હરેક વાતનો વિવેક કરવામાં બીજાની સાહ્યતા જોઇએ છે, એ વાત સર્વેના અનુભવમાં છે. હવે જુવો કે એ સુધારાવાળાની બુદ્ધિમાં કેટલી બધી સમજવામાં ખામી છે; એ વિષેના ઘણા દાખલા છે, તે હવે અમે બતાવીએ છીએ.

સુધારાવાળા કહે છે જે “ શાસ્ત્રને મૂકીને હરેક વાતનો વિવેક પોતાની બુદ્ધિથી કરવો. ” પણ બુદ્ધિ તો સર્વે મનુષ્ય માત્રમાં છે ત્યારે અસુર લોકો પ્રાણીનું ભક્ષ કરવાનો ત્રાસ મનમાં કેમ આણતા નથી ? જેવું દુઃખ આપણા શરીરને થાય છે, તેવુંજ તે પ્રાણીના શરીરને મારવામાં થાય છે, માટે અસુરોના મનમાં જરાપણ દયા તેના ઉપર આવતી નથી. જો કેવલ બુદ્ધિનેજ વિવેક કરવાની સામર્થ્ય હોય તો તેની બુદ્ધિને દયા કેમ ઉપજતી નથી ? વળી કેટલાએક જંગલી લોકો પોતાના સગાને મુઆ પછી ભક્ષ કરે છે, અને તેને ધર્મ કરીને સમજે છે. એ રીતે તેની બુદ્ધિએ વિવેક કરેલો છે. અને અસુર લોકો પ્રાણીને મારી નાંખીને ખાવાનો બુદ્ધિમાં વિવેક કરેલો છે, અને હિંદુઓની બુદ્ધિમાં તે વાતનો ત્રાસ આવ્યો છે, એવો હિંદુઓની બુદ્ધિએ વિવેક કરેલો છે. એ રીતે એકલી બુદ્ધિનેજ વિવેક કરવાની સમજણ હોય તો સર્વે મનુષ્યની બુદ્ધિનો વિવેક જુદો જુદો કેમ પડે ? એ ઉપરથીજ સાફ માલુમ પડે છે જે એકલી બુદ્ધિને સારા નરસાનો વિવેક કરવાની સમજણ નથી.

વળી અસુર લોકો પોતાના સગાની છોકરી સાથે પરણે છે, અને હિંદુઓ તે વાતનો દોષ માને છે. એ રીતે બંને જણની બુદ્ધિનો વિવેક જુદો જુદો છે, માટે એકલી બુદ્ધિનેજ વિવેક કરવાની સામર્થ્ય નથી. બુદ્ધિથી વિવેક કરવો એ શાસ્ત્ર ઉપરથીજ આવે છે.

વળી બીજા સર્વે શાસ્ત્રનો બુદ્ધિને વિવેક કરવો હોય તે ઠેકાણે તે તે શાસ્ત્ર વિષયક બુદ્ધિ જોઇયે. પણ જો તે તે શાસ્ત્ર વિષયક બુદ્ધિ ન હોય તો તેનો વિવેક એકલી બુદ્ધિથી થઈ શકતો નથી.

જો વાંચવાના વિષયની બાબત આપણે મહેતાજીથી જાણી ન હોય તો એકલી બુદ્ધિ તે અક્ષરનો વિવેક શી રીતે સમજી શકશે? તેમજ ગણીત બાબતનું શાસ્ત્ર જેણે નહી સાંભળ્યું હોય તો હિસાબ ગણવાનો વિવેક તેની બુદ્ધિ શી રીતે કરી શકશે? તેમજ જોતીષ શાસ્ત્ર નહી સાંભળ્યું હોય તો તારા નક્ષત્રનો વિવેક તેની બુદ્ધિ શી રીતે કરી શકશે? તેમજ વૈદિક શાસ્ત્રનો વિષય નહી સાંભળ્યો હોય તો રોગ તથા ઓષડનો વિવેક તેની બુદ્ધિ શી રીતે કરી શકશે? તેમ ધર્મશાસ્ત્રનો વિષય નહી સાંભળ્યો હોય તો તેનો વિવેક શી રીતે તેની બુદ્ધિ કરી શકશે?

હવે ધર્મ શાસ્ત્રના છ ભેદ છે, તે એ પ્રમાણેઃ—પહેલો—સૂતક વિષય. બીજો—આચાર ધર્મ વિષય. ત્રીજો—જાતી ધર્મ વિષય. ચોથો—ચાર વર્ણના આશ્રય ધર્મ વિષય. પાંચમો—લગ્ન વિવાહ વિષય. છઠ્ઠો—યુગ ધર્મ વિષય. એ સર્વેનાં શાસ્ત્ર જુદાં જુદાંછે. તે સર્વે શાસ્ત્ર સાંભળ્યા વગર એકલી બુદ્ધિ તેનો નિર્ણે શી રીતે કરી શકશે? માટે સર્વથા એકલી બુદ્ધિથી તેનો નિર્ણે થનાર નથી. અને સુધારાવાળા કહે છે જે "તેનો નિર્ણે આપણી વિવેક બુદ્ધિથી કરવો. એકલા શાસ્ત્રથી નહી કરવો." એ બોલવું કેટલું અણસમજણનુંછે? તે વાતનો વિચાર કરતાં સર્વેના ધ્યાનમાં તરત આવી જશે જે સુધારાવાળા બોલે છે તે કેવળ અજ્ઞાનથી બોલે છે. તે પોતે જેવા અજ્ઞાન છે તેવા ધર્મ શાસ્ત્રના કરનાર જે મનુ તેને અજ્ઞાની ઠેરવીને તેના વચનને તેઓ બટ્ટો લગાડે છે, જે મનુએ એમ કહ્યું છે. પણ મનુ ભગવાનના અંશાવતાર હતા, અને ત્રણે કાલના જાણનાર હતા, માટે એવો મૂર્ખાઇ ભરેલો અર્થ તે કદિ કહે નહી. તે શ્લોકમાં મનુએ એવું કહ્યું છે જે યુક્તિ તથા વિચારમાં જે નિર્ણય ન આવે એવું હોય તો તે નિર્ણયથી

ધર્મની હાની થાય. તે યુકિત તથા વિચાર એ શ્લોકમાં કહેલો છે, અને તેજ શાસ્ત્રનિ યુકિત અને તેજં શાસ્ત્રનો વિચાર મનુએ લેવાનું કહ્યું છે. કેમ જે શાસ્ત્રમાં વચન બહુ પ્રકારનાં છે, તેમાંથી થોડાં એક વચન લખી જણાવીએ છીએ:—

સિદ્ધાંતનાં વચન, પુર્વ પક્ષનાં વચન, વિધિનાં વચન, નિષેધનાં વચન, નિયમનાં વચન, નિયામકનાં વચન, દ્રષ્ટાંતનાં બોધ વચન, દ્રષ્ટાંત બોધક વચન, જુગ ધર્મ બોધક વચન, એ રીતે શાસ્ત્રમાં બહુ તરેહનાં વચનો છે. તેમાં પૂર્વપક્ષના વચન કોઈ ઠેકાણે કહેલાં છે, તે ઠેકાણે સિદ્ધાંતના વચનનો અર્થ વગર સમજ્યાથી કોઈ એક કરી નાંખે છે. તેથી મનુએ કહ્યું જે એકલા તેજ શાસ્ત્રના વચન ઉપરથી નિર્ણય કરવો નહીં. સિદ્ધાંતના વચન જે શાસ્ત્રમાં છે, તે શાસ્ત્રની યુકિત તથા વિચાર સાથે મેળવીને તેનો અર્થ કરવો, એમ ન કરે તો ધર્મની હાનિ થાય. એ રીતે મનુએ એ શ્લોકમાં કહ્યું છે. અને તેજ રીતે સર્વે પંડિતો હરેક વાતનો નિર્ણય કરે છે. પણ સુધારાવાળાએ જે વચન લખેલાં છે તે સર્વે વચન પૂર્વપક્ષનાં છે, તે વચન સિદ્ધાંતનાં નથી. પૂર્વપક્ષનાં વચનનનો અર્થ એ છે જે સિદ્ધાંતનાં વચનમાં જે ઠેકાણે બરાબર સમજાતું ન હોય અને તેમાં સંદેહ રહેતો હોય તો તે વચનનો ખુલાસો પુર્વપક્ષના વચનમાં કરે છે, અને સિદ્ધાંતના વચનનો અર્થ છે જે આજ રીતે કરવું એવું સાફ કરીને કહે છે, પણ સિદ્ધાંતના વચનમાં કોઈ બરાબર ન સમજે અને તેના ઉપર સંશય આવે તેથી તેના ઉપર બીજા ઋષિઓ પૂર્વ પક્ષ લઇને તે સિદ્ધાંતના વચનનો નિર્ણય કરે છે, પણ તે પૂર્વપક્ષના વચન સિદ્ધાંતના વચનથી જુદા મતના નથી, તે વચન પણ સિદ્ધાંતનાં વચનની સાથે મલતાંજ છે. અને વગર સમજુ લોકો તેનો અર્થ એમ જાણે છે જે ઋષિ મત જુદા જુદા છે, પણ એકજ વેદ ઉપરથી સર્વે ઋષિઓએ ધર્મ શાસ્ત્રનો નિર્ણય કહેલો છે. તેથી વેદ, સ્મૃતિ અને પુરાણ એ ત્રણેનો એકજ મત છે જુદો મત નથી. એ કાત્યાયન, વસિષ્ટ અને નારદ, એ ઋષિએ જે પૂર્વપક્ષનાં વચન કહ્યાં છે તે બૌધાયન ઋષિના સિદ્ધાંતનાં વચન ઉપરથી કહેલાં છે, માટે બૌધાયનનાં વચનની સાથે એ ત્રણે ઋષિઓનાં વચન મલતાંજ છે, જુદા નથી. બૌધાયન

ઋષિએ સ્મૃતિમાં કહ્યું છે જે એક વાર કન્યા એક વરને આપી હોય અને તેજ કન્યા બીજા વરને આપે તો તે લેનાર પુરૂષ દોષવાન થાય છે. તેવી સાત પ્રકારની સ્ત્રીઓ છે, તેનો એક એકથી વધારે દોષ તે સ્ત્રીના પરણનારને લાગે છે. એ વાત બૌધાયન ઋષિએ સિદ્ધાંતની કહી છે, પણ તેના કહેવામાં સંશય રહી ગયો છે. તે ઋષિના વચનમાં સંશય એ છે જે તે કન્યાના માબાપ વરમાં વગર વાંક જોઈ બીજાને આપે, અને બીજો પુરૂષ તે કન્યા વગર તજવીજ કરીને લે ત્યારે તો તે લેનાર દોષવાન થાય, પણ વરમાં કાંઈ વાંક હોય ત્યારે તે કન્યા બીજો વર પરણે તેમાં કાંઈ દોષ તે લેનારને નથી, એક તો એ વાત બૌધાયન ઋષિએ એ વચનમાં કહી નથી. બીજું, વર રોગી હોય, નપુંશક હોય, અને પરણવા પહેલાં મરી જાય ત્યારે તે કન્યા બીજો વર પરણે કે ન પરણે તે વાત પણ તે ઋષિએ એ વચનમાં કહી નથી. એ બે પ્રકારના સંશય એ વચનમાં રહેલા છે તેનો ખુલાસો કાત્યાયન, નારદ, વશિષ્ટ ઋષિઓએ કરેલો છે. જે પરણવા પહેલાં એવી હરકત આવી પડે ત્યારે તેનું શી રીતે કરવું? પણ પરણ્યા પછી કન્યાને નાતરે આપવાનું કહ્યું નથી, કેમ જે બૌધાયન ઋષિના વચનથી તે વાત ઉલટી એ ઋષિઓ કદિ કહે નહી. અને નારદ, કાત્યાયન અને વશિષ્ટ એ ઋષિઓના વચનમાંથી પણ પરણેલી કન્યા બીજા વરને પરણાવવાનો અર્થ નિકલતો નથી. હવે બૌધાયન ઋષિનું વચન કહીએ છીએઃ—

वाचा [illegible]त्ता मनोदत्ता ग्निपारे[illegible]ता सप्तमंप[illegible]नीता [illegible]काग्रहीता
गर्भा प्रसुताचेति सप्तविधा पुनर्भूस्तां ग[illegible]त्वान प्रजान धर्मविंदेत

અર્થઃ—વચનથી આપેલી, મનથી આપેલી, અગ્નિથી આપેલી, સપ્તપદી એટલે વરની પછવાડે સાત ફેરા ફરેલી, સાંસરે વરનો સંગ થએલી, ગર્ભ રહેલી અને છોકરાં થએલી, એ સાત પ્રકારની સ્ત્રીઓ બીજો પુરૂષ પરણે તો તે ઉત્તરોત્તર એક બીજાથી અધીક દોષવાન થાય છે. અને તે સ્ત્રીયોથી જે પુત્રાદિક થાય છે તે પણ અધર્મી થાય છે. એ રીતે બૌધાયન ઋષિએ સાધારણ રીતે એ વાત સારા વર ઉપર કહી છે, પણ દોષવાન વરનું કાંઈ કહ્યું નથી. તેનો [illegible] નારદાદિક ઋષિએ

કરેલો છે, જે વાચાથી આપેલી, મનથી, અગ્નિ સાક્ષીથી આપેલી હોય એટલામાં વરમાં ખોડ માલુમ પડે અથવા વર મરી જાય, તો તે કન્યા બીજા વરને પરણાવવી, પણ સપ્તપદી થયા પછી તે કન્યાનો વર મરી જાય તો તે કન્યા બીજા વરને પરણે નહી. એ રીતનો નિયમ બાંધ્યો તે વચન પણ અમે આગલા માસના પુસ્તકમાં લખેલા છે. જો ઉત્તમ જાતમાં વર મરી ગયા પછી કન્યાને ફરી પરણાવવાની ચાલ હોય ત્યારે તો કાત્યાયનાદિક ઋષિઓને ફરી બીજા વરને તે કન્યા પરણાવવાનું કહેવાની કાંઇજ જરૂર નથી. કેમકે તેતો લોકમાં નાતરાની પ્રસિદ્ધ ચાલ ચાલે છે. ત્યારે એ ઋષિઓના કહેવાને શું વિશેષતા છે? પણ એ ઋષિઓના કહેવાને તો કયારે વિશેષતા આવે જ્યારે હિંદુઓમાં બીજા વરને પરણાવવાની ચાલ ન હોય ત્યારે તો એ ઋષિઓના કહેવાને જરૂરતા છે, માટે નારદાદિક ઋષિઓના કહેવા ઉપરથી સાફ જણાય છે કે ઉત્તમ વર્ણમાં કન્યાને ફરી પરણાવવાની ચાલ નથી. તેથી એ ઋષિઓએ સપ્તપદી પહેલાં વર મરી જાય અથવા વરમાં ખોડ જણાય તો તે કન્યા બીજા વરને પરણાવવી એમાં કશો દોષ નથી, એ જણાવ્યું છે, પણ સપ્તપદી પછી તે કન્યા બીજા વરને પરણાવવાની રજા આપી નથી. તે પણ નારદ ઋષિના વચનમાંજ કહ્યું છે, તે વચન પણ અમે આગલા માસના પુસ્તકમાં લખ્યાં છે. માટે સિદ્ધાંતનાં વચન, તથા પૂર્વપક્ષનાં વચન, તથ સપ્તપદીનાં વચન, તથા જાતિભેદનાં વચન, તથા યુગધર્મ નિષેધક વચન, એ રીતે પાંચેના વચનની યુક્તિ તથા વિચાર સાથે મેળવીને પૂર્વ પક્ષનાં વચનનો અર્થ કરવો. એકલા પૂર્વ પક્ષના શાસ્ત્ર ઉપરથીજ તે શ્લોકનો અર્થ ન કરવો એમ કરવાથી ધર્મની હાની થાય છે, એ રીતે મનુના કહેવાનો હારદ છે. અને સુધારાવાળા કહે છે કે "બુદ્ધિની યુક્તિના વિચાર સાથે શાસ્ત્રનો નિર્ણય કરવો." પણ તેમ નિર્ણય કરવાને શાસ્ત્ર વગર બીજો એકે આધાર બુદ્ધિને છેજ નહીં. તે વાત અમે વિસ્તારથી ઉપર બતાવી છે, માટે શાસ્ત્ર વગર એકલી બુદ્ધિથી તેનો વિવેક થઇ શકતો નથી. શું એકલી બુદ્ધિથી હરેક શાસ્ત્રનો વિવેક સુધારાવાળા કરી આપશે? કદિ એ વાતમાં તેઓથી હા કહેવાઇ શકાવાની નથી, જ્યારે તે લોક તે સર્વે શાસ્ત્ર સાંભળશે ત્યારે તેની બુદ્ધિ તેનો વિવેક કરી શકશે. માટે સુધારાવાળાએ એ શ્લોકનો

અર્થ કેવળ અજ્ઞાનપણાથી કરેલો છે. તેમજ સુતકનાં શાસ્ત્રમાં જાતી ભેદ, દેશભેદ, મરણ ભેદ અને આશ્રમ ભેદ, એ ચાર ભેદના શાસ્ત્ર સાથે મેળવીને એક સુતકનો નિર્ણય થાય છે, જો એ ચારે શાસ્ત્ર નહી સાંભળ્યાં હોય તો એકલી બુદ્ધિ ને સુતકનો વિવેક શી રીતે કરી શકશે ? એજ રીતે ધર્મ, આચાર, વગેરેનો બુદ્ધિ ને વિવેક તેના શાસ્ત્ર સાંભળવાથીજ આવે છે, પોતાની મેળે આવતો નથી. માટે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે બુદ્ધિની જુગતી તથા વિચાર કરવો, એ રીતે મનુના કહેલા શ્લોકનો અર્થ છે.

હવે સાતમા શ્લોકમાં કહ્યું છે જે દેશકાલ, સ્થિતિ વિચારીને વર્તવું તેનો અર્થ સુધારાવાળાઓએ એવો કર્યો છે જે " દેશ કાલ સ્થીતી જોતાં જે શાસ્ત્ર આપણને અનુકુળ આવે તે પ્રમાણે વર્તવું જોઇએ, એમ ન વર્તીએ તો ધર્મની હાની થાય, " એ રીતે લખ્યું છે. તે અર્થ તો તેઓએ ઠીક કરેલો છે, પણ તે પ્રમાણે સુધારાવાળા વર્તતા નથી. જુવો કે એ શ્લોકમાં કહ્યું છે કે દેશકાળ સ્થિતિ વિચારીને વર્તવું. તેમાં આપણા હિંદુનો દેશ તો હિંદુસ્તાન છે, અને આ હિંદુ ધર્મનાં શાસ્ત્ર પ્રમાણે આપણે ચાલવું જોઇએ. એટલો અર્થ દેશ તથા સ્થિતિ શબ્દનો છે. હવે કાળનો અર્થ કહીએ છીએ, કાળ એટલે સમય, તે આ સમય કલિયુગનો છે, તેમાં શી રીતે વર્તવાનું શાસ્ત્રમાં કહ્યું છે ? તે પ્રમાણે ચાલવું જોઇએ, જો તેમ ન ચાલીએ તો ધર્મની હાની થાય, એ રીતે શાસ્ત્રવાળાએ કહ્યું છે. અને કલિયુગમાં નાતરૂ કરવાની શાસ્ત્રવાળાએ ના કહી છે તે પ્રમાણે ના માનવી જોઇએ, જો તે પ્રમાણે ન માને તો ધર્મની હાની નિશ્ચય થાય. અને આપણી સ્થિતિ હિંદુ ધર્મ પ્રમાણે પેઢી દર પેઢીથી શી રીતે આપણા કુલમાં ચાલી આવે છે તે જોવું; આપણી દશ વીશ પેઢીમાં પણ કોઇએ નાતરૂં કર્યું નથી, તે તે કર્યું હોય તો બતાવે ? એ રીતે દેશકાળ સ્થિતિ શાસ્ત્ર પ્રમાણે વિચારી ચાલવું, એ રીતે ધર્મ શાસ્ત્રમાં કહ્યું છે. દેશકાલ સ્થિતિનો અર્થ એ પ્રસંગના શાસ્ત્રમાં એ પ્રમાણે કરેલો છે. હવે સુધારાવાળા એનો અર્થ બીજી શી રીતે કરે છે તે અમને બતાવશે તો તેનો ખુલાસો અમે કરીશું.

હવે સુધારાવાળાઓએ આઠમો શ્લોક અર્ધ લખ્યો છે તેનો સંબંધ

પૂર્વાર્ધ શ્લોક સાથે મેળવ્યા વગર તે શ્લોકનો અર્થ બરાબર થઇ શકતો નથી. તે ઉત્તરાર્ધ શ્લોક અંગ્રેજનો ચાકર ગંગાધર શાસ્ત્રી તેણે પોતાના ગ્રંથમાં લોકોને ભમાવવા સારૂ લખેલો છે. એવું મુંબઇના શાસ્ત્રીઓ પણ કહે છે જે તેણે ઠગાઇ કરી છે તો પણ એ શ્લોકના પૂર્વાર્ધમાં પરણેલી કન્યા બીજાને પરણાવવાનો અર્થ નથી. તે શ્લોક સુધારાવાળાઓએ લખ્યો છે, તેનો અર્થ પણ નારદાદિક ઋષિઓના કહ્યા પ્રમાણે છે.

હવે નવમો શ્લોક મનુસ્મૃતિના ચોથા અધ્યાયનો સુધારાવાળાઓએ લખ્યો છે, તે શ્લોકઃ—

परित्यज्येदर्थकामौ यौस्यानांधर्मवर्जितौ ।
धर्मंचाप्यसुखोदर्कं लोकविक्रुष्टमेवच ॥

અર્થઃ–સુધારાવાળાઓએ અર્થ કર્યો છે જે " શાસ્ત્રથી ઉલટે રસ્તે દોલત તથા સુખ મળતાં હોય તો તે દોલત અને સુખનો ત્યાગ કરવો. અને જે શાસ્ત્રથી ભવિષ્યમાં દુઃખ પ્રાપ્ત થાય, અથવા મનુષને દુઃખદાઇ થઇ પડતાં હોય તે શાસ્ત્રનો પણ ત્યાગ કરવો, એ રીતે મનુએ કહ્યું છે. તો પણ આપણે એમ કરવાનો વખત નથી, આપણે તો શાસ્ત્રને માનજ આપીએ છીએ એ દયાળુ શાસ્ત્રકારો પુનર્વિવાહ કરવાની રજા આપે છે." એ રીતે સુધારાવાળાએ એ એનો અર્થ લખેલો છે. એ શ્લોકમાં ધર્મપદ કહેલું છે તે ઠેકાણે શાસ્ત્ર પદનો અર્થ એ લોકોએ કરેલો છે, પણ શાસ્ત્ર અને ધર્મ એ બે પદાર્થ જુદા જુદા છે, ધર્મ પદે કરીને ધર્મ અને શાસ્ત્ર પદે કરીને તો અનેક શાસ્ત્ર અને એક શાસ્ત્રમાં અનેક ધર્મ આવે છે, માટે ધર્મને ઠેકાણે શાસ્ત્ર પદનો અર્થ કરેલો છે તે ખોટો છે. તેથી હવે અમે એનો અર્થ કહીએ છીએ. જો આપણો જાતી ધર્મ જાતો હોય અને તે ધર્મ જાતાં દોલત અને સુખ મળતું હોય તો તે દોલત અને સુખ એ બંનેને મૂકી દેવાં, પણ પોતાના સ્વધર્મને કદિ મૂકી દેવો નહી. અને જે ધર્મે કરીને ભવિષ્યમાં દુઃખ પ્રાપ્ત થતું હોય અને જે ધર્મ લોકમાં નિંદિત કહેવાતું હોય તો તે નિંદિત ધર્મને મૂકી દેવો. એ રીતે એ શ્લોકમાં કહ્યું છે. હવે નાતરૂ કરવું એ વાત સર્વે દેશોના પંડિતમાં

નિંદિત છે, માટે એ ધર્મ મૂકી દેવો, એ રીતે એ શ્લોકનો અભિપ્રાય છે. કારણ જે ધણી મરણ પામ્યા પછી સ્ત્રીયે પતિવૃતા ધર્મ પાળવાથી તે સ્ત્રીને અનંત વર્ષ સુધી સ્વર્ગનું સુખ મળે છે. અને તેના પતિને તે સ્ત્રી નર્કમાંથી કહડાવી શકે છે. એટલી સામર્થ્ય તે સ્ત્રીને પતિવૃતા ધર્મમાં રહ્યાથી આવે છે. અને પતિવૃતા ધર્મનો ભંગ કરવાથી તે સ્ત્રીને નર્ક મળે છે, એ રીતે સર્વ શાસ્ત્રમાં લખ્યું છે. અને સુધારાવાળા લોક કહે છે, કે "વિધવા સ્ત્રીએ નાતરૂ કરવાથી પરલોકમાં તે સ્ત્રીને સુખ મળે છે." પણ એ વાત અમને સ્ત્રી ધર્મ ચલાવાના શાસ્ત્રમાંથી કહાડીને એ લોક બતાવે, જે વિધવાએ બીજો ભરથાર કરવાથી તેને પરલોકમાં સ્વર્ગની પ્રાપ્તી મળે છે, જો એવું સ્પષ્ટ વચન સ્ત્રી ધર્મના શાસ્ત્રનું બતાવશે તો અમે એ વાત કબુલ રાખીશું, એ રીતે સુધારાવાળા શાસ્ત્રથી ઉલટો રસ્તો લોકોને બતાવીને નાતરાની વાત સિદ્ધ કરે છે. પણ અમે સર્વે લોકેને ખચીત કરીને જાણ કરીએ છીએ જે તમે તો હિંદુ ધર્મના ચાલનારા છો, માટે તમે જો એકલા એ લોકોના કહ્યાથી ઉલટે રસ્તે ચાલશો તો તમારી સર્વે જ્ઞાતો એ વાત કબુલ નહી રાખે, તે સારૂ તમારે પણ એ નાતરાની બાબતમાં શાસ્ત્ર વિષેની સારી રીતે શોધ કરવી. અને ઘણા પંડિતોની સમંતી સુદ્ધાં એ કામ કરવું ઘટેછે, જેથી તમારી સર્વે જ્ઞાત એ વાત કબુલ રાખે. માટે તમારે તો એ કામ વગર વિચારે કરવું નહી, પછી તો તમારી મરજી, જે રીતે શાસ્ત્રમાં એ શ્લોકનો અર્થ છે, તેજ રીતનો અર્થ અમે લખેલો છે. એમાં ખોટો અર્થ હોય તો અમને સુધારાવાળાઓએ લખી બતાવવો. નાતરા વિષયના પ્રકરણ સાતમાનું સાંધન છે, તે હવે પછીના પુસ્તકમાં લખીશું.

પ્રકરણ પાંચમું.

જીવોના અધિકાર અને ભેદ વિષય.

સત્ય પ્રકાશવાળાઓએ પાખંડખંડક ચોપાનીયામાં લખ્યું છે કે "શ્રીવલ્લભાચાર્યના સેવકો થોડાજ થયા હતા, અને ભણેલા બ્રાહ્મણો

એમના માર્ગવાળાને આચાર્ય ગણીને સેવક થતા નથી," એ રીતે લખ્યું છે. તે વાતનો ઉત્તર શ્રીગીતાજીના સત્તરમા અધ્યાયમાંશ્રીભગવાને અર્જુનને કહેલો છેઃ—

त्रिविधाभवतिश्रद्धा देहिनांसास्वभावजा ।
सात्त्विकीराजसीचैव तामसिचेतितांशृणु ॥१॥
सत्वानुरूपासर्वस्य श्रद्धाभवतिभारत ।
श्रद्धामयोऽयं पुरुषो योयच्छ्रद्धः सएवसः ॥ ॥२॥
यजंतेसात्त्विकादेवान् यक्षरक्षांसिराजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजंतेतामसाजनाः ॥३॥

અર્થઃ—હે અર્જુન! માણસોને પોતાના સ્વભાવથી ત્રણ પ્રકારની શ્રદ્ધા થાયછે, સાત્વિકી, રાજસી, અને તામસી તેના ભેદ હું તને કહું છું તે સાંભળ. સર્વેને શ્રદ્ધા સત્યગુણનીછે, માટે આ પુરુષ શ્રદ્ધામય કહેવાયછે, પણ જે ગુણની જે પુરુષને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, તે પુરુષને તે ગુણનું સ્વરૂપ જાણવું. સાત્વિક જીવ, સાત્વિક દેવતાઓને ભજે છે, રાજસી જીવ, યક્ષ, રાક્ષસ, ઇત્યાદિ રાજસી દેવને ભજેછે. અને તામસી જીવ, ભૂત, પ્રેત, ભૈરવ ઇત્યાદિ તામસી દેવતાઓને ભજે છે. માટે જેવા ગુણના દેવતાને તે જીવ ભજે છે, તે જીવને તેવા ગુણનું સ્વરૂપ જાણવું. એ રીતે શ્રીભગવાને આ શ્લોકમાં કહ્યું છે જે સર્વે જીવો સરખા નથી, જે સર્વે જીવો એક ભગવાનનેજ ભજે, એ રીતે જીવોને ત્રીગુણ કહેલા છે હવે પૂર્વ જન્મના જીવોના કર્મ પ્રમાણે આ જન્મનો સંસ્કાર તે જીવોનો થાય છે, તે વાત શ્રીગીતાજીના સાતમા અધ્યાયમાં ભગવાને કહી છેઃ—

नमांदुष्कृतिनोमूढाः प्रपद्यन्तेनराधमाः ।
माययापहृतज्ञाना आसुरंभावमाश्रिताः ॥१॥
येषांत्वंतर्गतंपापं जनानांपुण्यकर्मणाम् ।
तेद्वन्द्वमोहनिर्मुक्ता भजंतेमांदृढव्रताः ॥ २॥

અર્થઃ—જીવો પૂર્વ જન્મના પાપી છે. અને મૂઢ છે અને મનુષ્યમાં

અધમ છે અને માયાએ કરીને જેઓનું જ્ઞાન નાશ થયું છે અને અસુરી ભાવનો આશ્રય કરીને જે રહેલા છે, એવા જીવો મારી શરણ નથી આવતા. જે જીવોના પૂર્વ જન્મમાં પુન્યે કરીને પાપ નાશ થયેલાં છે તેતો સંસારનો મોહ મુકીને મને ભજવામાં દ્રઢવ્રત થઇને રહેલા છે એજ રીતે ભારતમાં પણ કહ્યું છે:-

नृणांजन्मसहस्रेषु तपोध्यानसमाधिभिः ।
नराणांक्षीणपापानां लक्ष्मेभक्तिप्रजायते ॥१॥

અર્થ:-હજાર મનુષ જન્મમાં જેણે તપ, ધ્યાન અને સમાધિ એઓએ કરીને પોતાના પાપનો નાશ કરેલો છે એવા જીવોને શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. એજ રીતે સર્વે પુરાણોમાં કહ્યું છે, જે પૂર્વ જન્મના સારા સંસ્કારી જીવો હોય તોજ તે જીવો ભક્તિમાર્ગમાં આવે છે, બીજા જીવો ભક્તિમાર્ગમાં આવી શકતા નથી. જેઓ શાસ્ત્ર ભણેલાછે, નીતિમાં ચાલનારા છે, બુદ્ધિમાન છે, તોપણ પૂર્વ જન્મનાં સંસ્કાર વગર તેઓ ભગવાનની ભક્તિ કરી શકતા નથી. એ રીતે સર્વે શાસ્ત્રમાં કહ્યું છે. હવે કેવી શ્રદ્ધાવાળા જીવો ભગવાનને પામે છે તે શ્રીમદ્‌ભાગવત એકાદશસ્કંધનાં પચીસમાં અધ્યાયમાં શ્લોક ૨૭ માં શ્રીભગવાને કહ્યું છે:-

सात्विक्याध्यात्मिकीश्रद्धा कर्मश्रद्धातुराजसी ।
तामस्यधर्मेयाश्रद्धा मत्सेवायांतुनिर्गुणा॥ १ ॥

અર્થ:-જ્ઞાનમાર્ગ ઉપર જેની શ્રદ્ધા છે. તે શ્રદ્ધા સાત્વિક જાણવી. કર્મ માર્ગ ઉપર જેની શ્રદ્ધા છે, તે શ્રદ્ધા રાજસી જાણવી. અધર્મ માર્ગ ઉપર જેની શ્રદ્ધા છે, તે શ્રદ્ધા તામસી જાણવી. મારૂં સેવન કરવા ઉપર જેની શ્રદ્ધા છે, તે શ્રદ્ધા નિર્ગુણ જાણવી. હવે એજ અધ્યાયના શ્લોક ૨૨ માં શ્રદ્ધાનું ફલ કહ્યું છે:-

सत्त्वेप्रलीनाःस्वर्यांति नरलोकंरजालयाः ।
तमोलयास्तुनिरयं यांतिमामेवनिर्गुणाः ॥१॥

અર્થઃ—સાત્વિક ગુણની શ્રદ્ધામાં જે જીવો લીન થયા છે, તેતો સ્વર્ગમાં તથા સ્વર્ગ ઉપરના લોકમાં જાય છે, રાજસગુણની શ્રદ્ધાવાળા જીવો પૃથ્વીના નવ ખંડમાં અથવા પૃથ્વીમાં જન્મ પામે છે, તામસગુણની શ્રદ્ધાવાળા જીવો પાતાળમાં અથવા નર્કમાં જાય છે, અને નિર્ગુણ શ્રદ્ધાના જીવો મારી પાસે આવે છે. એ રીતે એક ભક્તિ કરનારનેજ ભગવાનની પ્રાપ્તી થાય છે, એ પ્રમાણે શ્રીભગવાને કહ્યું છે. પણ તેવો સંસ્કારી હોય તોજ ભક્તિ કરી શકે છે. અધિકાર ભેદનું પ્રકરણ પાંચમું **સંપૂર્ણ.**

अहं हरे तव पादैकमूल दासानुदासो भवितास्मि भूयः।
मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक्कर्म करोतु कायः॥१॥

અર્થઃ—હે ભગવન્! તમારા ચરણાર્વિંદના મૂળમાં વસનારા દાસોનો પણ દાસ હું ફરી ફરીને થાઉં, અને મારૂં મન, આપ પ્રાણ આધારના ગુણોનું જ સ્મરણ કરે; તથા મારી વાણી આપના સદગુણોનું કીર્તન કરે; તેમજ શરીર આપની સેવા કરે; આટલું માગી લઉં છું. ૧

यदुक्तं तातचरणैः श्रीकृष्णः शरणं मम।
ततएवास्ति नैश्चिंत्यमैहिके पारलौकिके ॥ २॥

અર્થઃ—અમારા તાત ચરણ એટલે પિતાજી શ્રીમહાપ્રભુએ, "**श्रीकृष्णः शरणं मम**" એ રીતે જે કહેલું છે તેથીજ આ લોક તથા પરલોક સંબંધી કાર્યના વિચારમાં નિશ્ચિંતપણું છે. ૨

સંવત ૧૯૬૮ ના શ્રાવણ સુદિ ૧૧ શુક્રવાર
જેઠાભાઇની પોળ—ખાડીઆ—અમદાવાદ.

લી. દાસાનુદાસ
વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ
ના દીનતાપુર્વક જયશ્રીકૃષ્ણ વાચશો.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે. ૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઈત્યાદિનાંનિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્માજ છે. ૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તા મમતાત્મક સંસાર મિથ્યા છે. ૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી. ૫. પરબ્રહ્મ પુરૂષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે. ૬. સર્વોપરિ વેદાદિ શાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણજ છે. ૭. કૃષ્ણની સેવા એજ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ કૃષ્ણસેવા જ છે. ૮. સાક્ષાત્ શ્રીકૃષ્ણોપદિષ્ટ આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ સિવાય અન્ય વિશ્વધર્મ હોઇ શકે જ નહિ.

વિનંતિપત્ર.

આથી સૌને ખબર આપવામાં આવે છે કે હવે સુરતવાળા ગોસ્વામિ શ્રીજદુનાથજી મહારાજ કૃતના ૧૩ પુસ્તકો 'સ્વધર્મવર્ધક અને સંશય છેદક'ના છપાવવાના બાકી છે, માટે શ્રીમંત ગ્રહસ્થ વૈષ્ણવોને વિનંતિ કરવાની કે જે કોઈ વૈષ્ણવ રૂ. ૫૧) થી ઉપરાંત પોતપોતાની શક્તિ પ્રમાણે મદદ કરશે તો તેમનું મુબારક નામ પુસ્તક ઉપર ઉત્તેજક તરીકે દાખલ કરવામાં આવશે ને આવો અલૌકિક લાભ જે કોઈ લેશે તેમનું અહોભાગ્ય છે ને ગરીબ વૈષ્ણવો તેમને આશિર્વાદ દેશે.

"सुज्ञेषु किमधिकम्"

આ ચોપાનીયામાં બીજો વિષય "श्रीबाळबोधसटिक" ગ્રંથ વિસ્તારમાં નમુના દાખલ મુકવામાં આવ્યો છે તેવી રીતે બાકીના બધા ચોપાનીયામાં શ્રીમદાચાર્ય ચક્રચૂડામણિ श्रीमहाप्रभुजी कृत षोडश ग्रंथ થોડા થોડા કરી પુરા કરવાનો હેતુ છે પણ તે હેતુ પુરો પાડવામાં સૌ ઉદાર વૈષ્ણવો અંતઃકરણપૂર્વક યોગ્ય મદદ કરશે તો તે બધા ગ્રંથો પ્રકટ કરવામાં આવશે.

સં. ૧૯૬૮ ના શ્રાવણ સુદિ ૧૧ને શુક્રવાર.
અમદાવાદ,
જેઠાભાઇની પોળમાં, ખાડીયા,

લી. દાસાનુદાસ,
વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.
ના દીનતાપૂર્વક જયશ્રીકૃષ્ણ વાંચશો.

॥ अथ बालबोधः ॥

॥ श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

अनुष्टुप् छंद.

श्लोकः—नत्वा हरिं सदानंदं सर्वसिद्धांतसंग्रहम्।
बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् ॥१॥

पदानि—नत्वा हरिं सदानंदं सर्वसिद्धांतसंग्रहं बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम्

सान्वयपदार्थः—हरिं (સ્મરણ કરનારાઓનાં) દુઃખને હરનાર सदानंदं સદાનંદ (શ્રીકૃષ્ણ)ને नत्वा નમન કરીને बालप्रबोधनार्थाय બાળકોને સારી રીતે બોધ થવા સારૂ सुविनिश्चितं (સર્વ પ્રમાણથી) સારી રીતે નિશ્ચય કરેલા सर्वसिद्धांतसंग्रहं સર્વ સિદ્ધાંતના સંગ્રહને वदामि (હું કહું છું).

ટીકા—પોતાનું સ્મરણ કરનારાઓના બધાં દુઃખ અથવા પાપને હરનારા, સદાનંદ—શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને, બાળકોને સારીરીતે બોધ થવા સારૂ, સારીપેઠે સર્વ પ્રમાણથી નિશ્ચય કરેલા સર્વ સિદ્ધાંતના સંગ્રહને હું કહું છું.

श्लोकः—धर्मार्थकाममोक्षाख्य श्चत्वारोऽथामनीषिणाम्
जीवेश्वरविचारेणाद्विधा ते हि विचारिताः ॥२॥

पदानि—धर्मार्थकाममोक्षाख्याः चत्वार अर्थाः मनीषिणाम् जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः

સાન્વયપદાર્થઃ-मनीषिणां બુદ્ધિવાળા પુરુષોના, धर्मार्थकाममोक्षाख्याः ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે નામ જેનાં એવા चत्वारः ચાર अर्थाः પુરુષાર્થો (છે અને) તે (ધર્માદિક ચારે પુરુષાર્થો) जीवेश्वरविचारेण જીવ અને ઇશ્વરના વિચારે કરીને द्विधा બે પ્રકારના हि નિશ્ચયે કરીને विचारिताः વિચારેલા (છે).

ટીકા-બુદ્ધિવાળા પુરુષોના, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો છે. અને તે ચાર તરેહના પુરુષાર્થો પણ જીવના વિચારેલ અને ઇશ્વરના વિચારેલ એ રીતે બે તરેહના વિચારેલા છે.

श्लोकः-अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ।
लौकिका ऋषिभिःप्रोक्ता तथैवेश्वरशिक्षया ॥३॥

पदानि-अलौकिकाः तु वेदोक्ताः साध्यसाधनसंयुताः लौकिकाः ऋषिभिः प्रोक्ताः तथा एव ईश्वरशिक्षया.

સાન્વયપદાર્થઃ-साध्यसाधनसंयुताः સાધ્ય (યજ્ઞાદિક) અને (સ્રુક્ સ્રુવાદિક) સાધનોએ કરીને સંયુકત એવા अलौकिकाः અલૌકિક (ઇશ્વરવિચારિત) પુરુષાર્થો तु તો वेदोक्ताः વેદમાં કહેલા છે (અને) लौकिकाः લૌકિક (જીવના વિચારેલા) પુરુષાર્થો ऋषिभिः ઋષિ લોકોએ ईश्वरशिक्षया ઇશ્વરની શિક્ષા (પ્રેરણા) વડે तथा તેમ एवज प्रोक्ताः (પોતપોતાની સ્મૃતિઓમાં) કહેલા છે.

ટીકા-જીવ અને ઇશ્વરના વિચારે કરીને આગળ કહેલા બે તરેહના ધર્માદિક પુરુષાર્થોમાં, સાધ્ય એટલે યજ્ઞાદિક, અને તે યજ્ઞાદિકને સિદ્ધ કરવાનાં સ્રુક્સ્રુવાદિક સાધનો, તે સહિત એવા અલૌકિક એટલે ઇશ્વરના વિચારેલા પુરુષાર્થો તો, વેદમાં કહેલા છે. અને લૌકિક એટલે જીવના

વિચારેલા પુરુષાર્થો પણ મનુ, વિશાલાક્ષ, નંદિ, અને કપિલદેવજી વિગેરે ઋષિ લોકોએ, સર્વના નિયામક પરમેશ્વરની આજ્ઞાથી એટલે જેવી ઇશ્વરની પ્રેરણા થઈ તેવી રીતેજ પોતપોતાની સ્મૃતિઓમાં કહેલા છે.

श्लोकः-लौकिकांस्तु प्रवक्ष्यामि वेदादाद्या यतः स्थिताः।
धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात्॥
त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते॥

पदानि-लौकिकान् तु प्रवक्ष्यामि वेदात् आद्याः यतः स्थिताः धर्मशास्त्राणि नीतिः च कामशास्त्राणि च क्रमात् त्रिवर्ग-साधकानि इति न तन्निर्णयः उच्यते.

सान्वयपदार्थः-यतः જેથી आद्याः પ્રથમના—અલૌકિક પુરુષાર્થો वेदात् વેદનો આશ્રય કરીને स्थिताः રહેલા છે. (અને) लौकिकान् લૌકિક પુરુષાર્થોને तु તો प्रवक्ष्यामि પ્રકર્ષે કરીને કહું છું. (તેમાં પણ) धर्मशास्त्राणि ધર્મશાસ્ત્ર (મન્વાદિસ્મૃતિઓ અને ગૃહ્યસૂત્ર વિગેરે) च અને नीतिः (બૃહસ્પતિની કહેલી) રાજનીતિ च અને कामशास्त्राणि કામશાસ્ત્ર (વાત્સ્યાયન સૂત્ર વિગેરે તે (બધાં) क्रमात् અનુક્રમથી त्रिवर्गसाधकानि ત્રિવર્ગ (ધર્મ, અર્થ, અને કામ) ને સિદ્ધ કરનારાં છે इति એવા હેતુથી तन्निर्णयः તે (ધર્મ, અર્થ અને કામ) નો નિર્ણય (અમો) न નથી उच्यते કહેતા.

ટીકા—જે હેતુ માટે, પ્રથમના—અલૌકિક એટલે ઇશ્વરના વિચારેલા, ધર્માદિક ચાર પુરુષાર્થો વેદમાં રહેલા છે, તે, વેદથી જાણી શકાય છે. માટે તે કહેવાની જરૂર નથી.અને બીજા,જીવના વિચારેલા લૌકિક પુરુષાર્થોને અમો સારી રીતે સમજી શકાય, તેમ કહિયે છીએ, અને તેમાં પણ

ધર્મ શાસ્ત્ર એટલે મન્વાદિકની કહેલી સ્મૃતિઓ અને ગૃહ્યસૂત્ર વિગેરે, અર્થશાસ્ત્ર એટલે બૃહસ્પતિની કહેલી રાજનીતિ વિગેરે, અને કામશાસ્ત્ર એટલે વાત્સ્યાયન ઋષિયે કહેલાં વાત્સ્યાયન સૂત્ર વિગેરે. તે ત્રણે શાસ્ત્રો અનુક્રમેથી ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગને સિદ્ધ કરનારાં છે, માટે તેનો નિર્ણય અમો કહેતા નથી.

श्लोकः–मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥५॥
द्विधा द्वे द्वे स्वत तत्र सांख्ययोगौ प्रकीर्त्तितौ ॥
त्यागात्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ६

पदानि–मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः द्वेधा द्वे द्वे स्वतः तत्र सांख्ययोगौ प्रकीर्त्तितौ त्यागाऽत्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्त्तितः

सान्वयपदार्थः–(મોક્ષ કે જે સંસારથી છુટવાનો પુરુષાર્થ છે તેને કહિયે છીયે) लौकिके લૌકિક मोक्षे મોક્ષમાં चत्वारि ચાર शास्त्राणि શાસ્ત્રો છે. (અને તે મોક્ષ; એક) परतः બીજાથી થવાનો(અને બીજો) स्वतः પોતાથી થવાનો (એમ) द्वेधा બે પ્રકારનો છે, (તેમાં પણ(એક એક મોક્ષમાં द्वे બે द्वे બે [શાસ્ત્રો છે.] तत्र ત્યાં स्वतः સ્વતઃ [મોક્ષમાં] त्यागात्यागविभागेन ત્યાગ અને અત્યાગના ભેદે કરીને सांख्ययोगौ સાંખ્ય અને યોગ [એ બે શાસ્ત્રો] प्रकीर्तितौ કહેલાં છે[તેમાંના] सांख्ये સાંખ્ય શાસ્ત્રમાં त्यागः (અનાત્મ વસ્તુનો) ત્યાગ प्रकीर्तितः કહેલો છે.

ટીકા–(અને મોક્ષ કે જે સંસારથી છુટવાનો પુરુષાર્થ છે તેને અમો કહિયે છીયે.) લૌકિક મોક્ષમાં ચાર શાસ્ત્રો છે. અને તે મોક્ષ બે પ્રકારનો છે. એક બીજાથી થવાનો પરતઃ મોક્ષ, અને બીજો, પોતાથી થવાનો

સ્વતઃ મોક્ષ. અને તે એક એક મોક્ષમાં બે બે શાસ્ત્રો છે. ત્યાં સ્વતઃ મોક્ષમાં ત્યાગ અને અત્યાગના ભેદે કરીને સાંખ્ય અને યોગ એ બે શાસ્ત્રો કહેલાં છે. તેમાંના સાંખ્ય શાસ્ત્રમાં અનાત્મ વસ્તુનો ત્યાગ કહેલો છે.

શ્લોકઃ-अहंत ममतानाशे सर्वथा निरहंकृतौ ॥
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥७॥

पदानि-अहंत[1] ममतानाशे सर्वथा[2] निरहंकृतौ[3] स्वरूपस्थः[4] यदा[5] जीवः[6] कृतार्थः[7] सः[8] निगद्यते[9].

સાન્વયપદાર્થઃ-अहंताममतानाशे[1] અહંતા અને મમતાનો નાશ થઇને सर्वथा[2] બધી રીતે (હું કાંઇ કરતો નથી એમ) निरहंकृतौ[3] અહંકારની નિવૃત્તિ થયે, जीवः[6] (શરીરાભિમાની) જીવાત્મા यदा[5] જ્યારે स्वरूपस्थः[4] પોતાના સ્વરૂપમાં રહેલો (હોય છે, ત્યારે) सः[8] તે (જીવ) कृतार्थः[7] કૃતાર્થ (મુક્ત) निगद्यते[9] કહેવાય છે.

ટીકા-હવે મોક્ષનું સ્વરૂપ કહે છે. અહંતા અને મમતાનો નાશ થઇને, હું કાંઇ કરતો નથી એમ બધી રીતે અહંકારની નિવૃત્તિ થયે દેહાભિમાની જીવાત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં એટલે આત્મજ્ઞાનમાં નિષ્ઠાવાળો થાય છે, ત્યારે તે જીવાત્મા કૃતાર્થ એટલે મુક્ત કહેવાય છે.

શ્લોકઃ-तदर्थं प्रक्रिया काचित्पुराणेऽपि निरूपिता ।
ऋषिभिर्बहुधा प्रोक्ताफलमेकमवाप्यतः ॥८॥

पदानि-तदर्थं[1] प्रक्रिया[2] काचित्[3] पुराणे[4] अपि[5] निरूपिता[6] ऋषिभिः[7] बहुधा[8] प्रोक्ता[9] फलं[10] एकं[11] अवाप्यतः[12]

સાન્વયપદાર્થ-तदर्थं[1] તે (સાંખ્ય શાસ્ત્રની રીતે કહેલા મોક્ષ) ને સારૂ

ऋषिभिः ઋષિઓએ बहुधा ઘણા પ્રકારે કરીને प्रोक्ता કહેલી એવી काचित् કોઈ (એક) प्रक्रिया (સાંખ્યશાસ્ત્રની) પદ્ધતિ पुराणे પુરાણમાં अपि પણ निरूपिता નિરૂપણ કરેલી છે તે બધી પ્રક્રિયામાં अबाह्यतः અબહિર્પણાથી એટલે સેશ્વર સાંખ્યથી एकं એક (સરખું જ) फलं ફલ થાય છે.

ટીકા–તે સાંખ્યશાસ્ત્રની રીતે કહેલા મોક્ષને સારૂ, ઋષિલોકોએ ઘણી રીતે કહેલી એવી સાંખ્યશાસ્ત્રની પદ્ધતીમાંની કોઇએક પ્રક્રિયા (રીતી) પુરાણમાં પણ નિરૂપણ કરેલી છે. અને पुराणंहृदयंमम. पुराणपञ्चमोवेदः એવાં વાકયોથી પુરાણોને વેદપણું છે, માટે તે સર્વ પ્રક્રિયાઓમાં સેશ્વર એટલે (પુરાણ જેનું મૂલ છે એવાં) સાંખ્યથી એક સરખું જ ફલ થાય છે.

શ્લોકઃ–अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि।
यमादयस्तु कर्त्तव्याः सिद्धे योगे कृतार्थता॥९॥

पदानि–अत्यागे योगमार्गः हि त्यागः अपि मनसा एव हि यमादयः तु कर्त्तव्याः सिद्धे योगे कृतार्थता.

सान्वयपदार्थः–अत्यागे ત્યાગ નહિં કરવામાં हि નિશ્ચય કરીને योगमार्गः યોગમાર્ગ (કહેલો છે.) हि જે હેતુ માટે त्यागः ત્યાગ अपि પણ (હું કાંઇ કરતો નથી એમ) मनसा મનવડે एव જ (કરવો) तु અને यमादयः યમ (નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન ધારણા અને સમાધિ) વિગેરે कर्त्तव्याः અવશ્ય કરવાં (જેથી કરીને) योगे (મનની સઘળી વૃત્તિના નિરોધરુપી) યોગ सिद्धे સિદ્ધ થયે कृतार्थता (જીવને) કૃતાર્થપણું (સિદ્ધ થાય છે.)

ટીકા—ત્યાગ નહીં કરવામાં નિશ્ચયે કરીને યોગ માર્ગ કહેલો છે. અને ત્યાગ વિના મોક્ષ કેમ થાય, માટે ત્યાગ પણ હું કાંઇ કરતો નથી એમ મનવડેજ કરવો. અને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ વિગેરે સાધનો અવશ્ય કરવાં, જેથી કરીને મનની સઘળી વૃત્તિઓના નિરોધરૂપી, ધ્યેય (ધ્યાન કરવા યોગ્ય એવા) સ્વરૂપમાં યોગ સિદ્ધ થયે જીવને, આત્માનું પોતાના સ્વરૂપમાં રહેવું એ રૂપી કૃતાર્થપણું–મોક્ષ સિદ્ધ થાય છે.

श्लोकः-पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरूप्यते ।
ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ॥१०॥

पदानि–पराश्रयेण[1] मोक्षः[2] तु[3] द्विधा[4] सः[5] अपि[6] निरूप्यते[7] ब्रह्मा[8] ब्राह्मणतां[9] यातः[10] तद्रूपेण[11] सुसेव्यते[12].

સાન્વયપદાર્થઃ–पराश्रयेण[1] પરના આશ્રયે કરીને मोक्षः[2] મોક્ષ तु[3] તો द्विधा[4] બે પ્રકારનો (છે) सः[5] તે (બન્ને રીતનો મોક્ષ) अपि[6] પણ निरूप्यते[7] નિરૂપણ કરાય છે. અને ब्रह्मा[8] બ્રહ્માજી ब्राह्मणतां[9] બ્રાહ્મણપણાને यातः[10] પામેલા છે (તેથી) तद्रूपेण[11] તે [બ્રાહ્મણ રૂપે કરીને] सुसेव्यते[12] (વેદાધ્યયનને માટે) સારી રીતે સેવાય છે.

ટીકા–પર એટલે વિષ્ણુ અને મહાદેવ તેના આશ્રયે કરીને થતો મોક્ષ બે તરેહનો છે. તે અમે નિરૂપણ કરીયે છઇએ અને બ્રહ્માજી તો બ્રાહ્મણપણાને પામેલા છે માટે તે બ્રાહ્મણરૂપે કરીને બ્રહ્મજ્ઞાન સારૂ અથવા વેદાધ્યયન સારૂ, કે બ્રહ્મ તેજને સારૂ સારી રીતે સેવાય છે.

श्लोकः-ते स्वार्था न चाद्येन शास्त्रं किंचिदुदीरितम् ।
अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ॥११॥

पदानि–ते सर्वार्थाः न च आद्येन शास्त्रं किंचित् उदीरितम् अतः शिवः च विष्णुः च जगतः हितकारकौ.

સાન્વયપદાર્થઃ–ते તે (આગળ કહેલા) सर्वार्थाः બધા પુરુષાર્થો आद्येन બ્રહ્માવડે [સિદ્ધ થતા] न નથી च અને (બ્રહ્માજીયે) शास्त्रं (વૈખાનસતંત્ર વિગેરે) મોક્ષ શાસ્ત્ર किंचित् કાંઈક–સંક્ષેપમાત્ર उदीरितम् કહેલું છે अतः એ માટે शिवः શિવજી च અને(તેનું ભજન)विष्णुः વિષ્ણુ च અને વિષ્ણુનું ભજન (એબન્ને) जगतः સર્વ જગતનું हितकारकौ હિત કરનારા છે.

ટીકા–તે આગળ કહેલા ધર્મ આદિ ચાર પુરુષાર્થો, આદ્ય એટલે શ્રીબ્રહ્માજીથી સિદ્ધ થતા નથી. અથવા તે સેવા કરનારાઓ, આદ્ય–બ્રહ્માજીથી જેના બધા પુરુષાર્થો સિદ્ધ થયેલા છે એવા હોતા નથી. અર્થાત્ બ્રહ્માજીથી કોઈના પણ બધા પુરુષાર્થો સિદ્ધ થતા નથી અને બ્રહ્માજીયે વૈખાનસ તંત્ર રૂપી મોક્ષનું શાસ્ત્ર સંક્ષેપથી કહેલું છે. કાંઈ બ્રહ્માજી પોતે દેવપણાથી મોક્ષ દેનારા અને શાસ્ત્ર ચલાવનારા નથી તેથી માહાદેવ અને વિષ્ણુ એ બન્ને પોતાના ભજન વડે ચારે પુરુષાર્થોનું ફલ આપે છે માટે જગત્ના હિત કરનારા છે.

श्लोकः–वस्तुनः स्थितिसंहारकार्यौ शास्त्रप्रवर्त्तकौ।
ब्रह्मैव तादृशं यस्मात्सर्वात्मकतयोदितौ ॥१२॥

पदानि–वस्तुनः स्थितिसंहारकार्यौ शास्त्रप्रवर्त्तकौ ब्रह्म एव तादृशं यस्मात् सर्वात्मकतया उदितौ

સાન્વયપદાર્થઃ—शास्त्रप्रवर्त्तकौ (પંચરાત્ર અને પાશુપત વગેરે) શાસ્ત્રને ચલાવનારા અને वस्तुनः વસ્તુ માત્રની स्थितिसंहारकार्यौ રક્ષા અને નાશ રૂપી જેમનું કામ છે એવા વિષ્ણુ અને શિવજી, તે, यस्मात् જે હેતુ માટે तादृशं તેવું (શિવ વિષ્ણુ રૂપે) ब्रह्म બ્રહ્મ एव જ (થયેલું છે તે હેતુ માટે તેઓને सर्वात्मकतया (તે તે શાસ્ત્રમાં) સર્વાત્મપણાએ કરીને उदितौ કહેલા છે.

ટીકા—પંચરાત્ર અને પાશુપત વગેરે શાસ્ત્રના ચલાવનારા, અને વસ્તુ માત્રનું પરિપાલન અને નાશ કરવો તે રૂપી—જેમને અવશ્ય કરવાનાં કામ છે એવા, વિષ્ણુ અને મહાદેવજી, તે, જે હેતુ માટે તેવું એટલે વિષ્ણુ અને શિવ રૂપે બ્રહ્મજ થયેલું છે તે હેતુ માટે તેઓને તે તે શાસ્ત્રમાં એટલે અથર્વશિખા અથર્વ શિરઃ શ્વેતાશ્વતરીય, કૈવલ્યોપનિષદ્ અને મંત્રોપનિષદ્ વગેરેમાં શિવજીને સર્વાત્મકપણાથી વર્ણવેલા છે. અને તેમજ મહાનારાયણોપનિષદ્, નારાયણોપનિષદ્; મહોપનિષદ્; અને સુબાલોપનિષદ્, વગેરેમાં શ્રીવિષ્ણુને સર્વાત્મકપણાથી નિરૂપણ કરેલા છે.

श्लोकः—निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता ।
भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ॥ १३ ॥
भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ।

पदानि—निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता भोगमोक्षफले दातुं शक्तौ द्वौ अपि यदि अपि भोगः शिवेन मोक्षः तु विष्णुना इति विनिश्चयः ।

સાન્વયપદાર્થઃ—तयोः તે (આગળ કહેલા શિવ અને વિષ્ણુ)ને निर्दोषपूर्णगुणता નિર્દોષપણું અને પૂર્ણ ગુણપણું तत्तच्छास्त्रे તેનાં તેનાં શાસ્ત્રમાં

कृता નિરૂપણ કરેલું છે. (અને) यदि જો, अपि કે (શ્રીભગવાનના ગુણાવતાર છે તેથી) द्वौ (શિવ અને વિષ્ણુ) બન્ને भोगमोक्षफले ભોગ અને મોક્ષરૂપી ફળને दातुं આપવાને शक्तौ સમર્થ છે अपि (तथापि) તોપણ (તેના ગુણ વિચાર્યાથી તો शिवेन મહાદેવવડે भोगः ભોગ સિદ્ધ થાય છે (અને) मोक्षः મોક્ષ तु તો विष्णुना વિષ્ણુવડે સિદ્ધ થાય છે इति એવો विनिश्चयः વિશેષે કરીને નિશ્ચય છે.

ટીકા—આગળ કહેલા શિવ અને વિષ્ણુને નિર્દોષપણું અને પૂર્ણ ગુણપણું છે એમ તેનાં તેનાં શાસ્ત્રોમાં નિરૂપણ કરેલું છે અને જોકે શ્રીભગવાનના એ ગુણાવતાર છે તેથી શિવ અને વિષ્ણુ એ બન્ને ભોગ અને મોક્ષરૂપી ફળને આપવાને સમર્થ છે તોપણ તેના ગુણના વિચાર ઉપરથી તો મહાદેવથી ભોગ સિદ્ધ થાય છે અને શ્રીવિષ્ણુથી મોક્ષ સિદ્ધ થાય છે એવો વિશેષેકરીને નિશ્ચય છે.

श्लोकः—लोकेऽपि यत्प्रभुर्भुंक्ते तन्न यच्छति कर्हिचित् १४
अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ।
नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ॥१५॥

पदानि—लोके अपि यत् प्रभुः भुंक्ते तत् न यच्छति कर्हिचित् अतिप्रियाय तत् अपि दीयते क्वचित् एव हि नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ।

सान्वयपदार्थः—लोके લોકમાં अपि પણ (જેમ) प्रभुः સ્વામિ यत् જે

(ભોગ વસ્તુ) ને भुंक्ते (પોતે) ભોગવે છે तत् તે (પોતાને ભોગવવાની ચીજ) ને कर्हिंचित् કોઇ વખતે (પણ બીજાને) न નથી यच्छति આપતો (તેમ અહીં સિદ્ધાંતમાં) प्रभुः (સેવકોના) સ્વામી (શિવજી અથવા વિષ્ણુ) यत् જે (ભોગ અને મોક્ષરૂપી વસ્તુ) ને भुंक्ते (પોતે) ભોગવે છે तत् તે (પોતાને ભોગવવાની વસ્તુ) ને कर्हिंचित् કોઈ વખતે (પણ બીજાને) न નથી यच्छति આપતા [એમ છે તોપણ] तत् તે (ભોગ અને મોક્ષરૂપી વસ્તુ) ને अपि પણ अतिप्रियाय (પોતાના) અતિશય પ્રીતિપાત્રને हि જે હેતુ માટે क्वचित् કોઇક વખતે एव જ दीयते આપે છે (અને) नियतार्थप्रदानेन નિયમપૂર્વક અર્થ (ભોગ અને મોક્ષ) ના દાને કરીને तदीयत्वं તેનાપણું અને तदाश्रयः તેનો આશ્રય (સિદ્ધ થાય છે).

ટીકા—લોકમાં પણ જેમ સ્વામી પોતે જે વસ્તુને ભોગવે છે તે પોતાની ભોગવવાની વસ્તુને કોઇ વખતે પણ બીજાને આપતા નથી. તેમ અહિં સિદ્ધાંતમાં પણ સેવકોના સ્વામી, શિવજી અથવા વિષ્ણુ ભગવાન, પોતાને ભોગવવા લાયક ભોગ અને મોક્ષરૂપી વસ્તુ બીજાને કયારે પણ આપતા નથી એમ છે તોપણ તે પોતાની ભોગ્ય વસ્તુને પણ પોતાના અતિશય પ્રીતિપાત્ર ભક્તને કોઇક વખતેજ આપે છે જો નિયમપૂર્વક અર્થ એટલે ભોગ અને મોક્ષનું દાન કરે તો તેનાપણું અને તેનો આશ્રય સિદ્ધ થાય છે.

श्लोकः—प्रत्येकं साधनं चैतत् द्वितीयार्थे महान् श्रमः।

पदच्छेद—प्रत्येकम् साधनम् च एतत् द्वितीयार्थे महान् श्रमः।

एतत् એ (વિષ્ણુભજન અને શિવભજન) प्रत्येकं એક એક પ્રત્યે

(એકએકનાં) [2]સાધનં સાધન (છે) [3]च અને [5]દ્વિતીયાર્થે બીજા અર્થમાં અથવા બીજા અર્થને સારૂ (એટલે વિષ્ણુને ભોગ આપવામાં અને મહાદેવને મોક્ષ આપવામાં) [6]મહાન્ (બન્નેને) મ્હોટો [7]શ્રમઃ શ્રમ થાય છે.

ટીકા–વિષ્ણુભજન અથવા શિવનું ભજન, એ એકએકનું સાધન છે; એટલે મોક્ષને માટે વિષ્ણુનું ભજન સાધનરૂપ છે, અને ભોગ સિદ્ધ કરવામાં શિવજીનું ભજન સાધનરૂપ છે; કાંઈ ભોગ અને મોક્ષ એ બન્નેને સિદ્ધ કરવા માટે એકજ, વિષ્ણુભજન કે શિવભજન સાધન છે એમ નથી. કારણ કે બીજા અર્થને આપવામાં એટલે શિવે મોક્ષ આપવો અને વિષ્ણુએ ભોગ આપવો એમાં એ બન્નેને મોટી મહેનત પડે છે. કેમ કે શિવજી, રાજસ તામસના સ્વભાવવાળા પોતાના ભકતોના તેવા સ્વભાવ ને ફેરવીને સાત્વિક સ્વભાવવાળા કરે, ત્યારે મોક્ષ અપાય, તેમજ વિષ્ણુ પણ નિસ્પૃહ અને શાંત સ્વભાવવાળા પોતાના ભકતોનો તેવો સ્વભાવ ફેરવીને રાજસ તામસ સ્વભાવવાળા કરે ત્યારે તેને ભોગ અપાય.

શ્લોકઃ–जीवाः स्वभावतो दुष्टाः दोषाभावाय सर्वदा १६
श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिद्ध्यति।
मोक्षस्तुविष्णोः सुलभो भोगस्तु शिवतस्तथा १७

पदानि–[8]जीवाः [9]स्वभावतः [10]दुष्टाः [11]दोषाभावाय [12]सर्वदा [13]श्रवणादि [14]ततः [15]प्रेम्णा [16]सर्वं [17]कार्यं [18]हि [19]सिद्ध्यति ॥ [20]मोक्षः [21]तु [22]विष्णोः [23]सुलभः [24]भोगः [25]तु [26]शिवतः [27]तथा.

सान्वयपदार्थः–[8]जीवाः જીવમાત્ર [9]स्वभावतः સ્વભાવ (પોતાના સહજ દેવ મનુષ્ય અને આસુરાદિક ધર્મ) થી અથવા ભગવત્સેવા કરવી તે

રૂપી પોતાનો સહજ ધર્મ તે નહિ કરવાથી [10]દુષ્ટાઃ દોષવાળા (છે માટે) [11]દોષાભાવાય (તે) દોષના અભાવ (મટાડવા) ને સારૂં [12]સર્વદા હમેશાં-[13]શ્રવણાદિ* શ્રીભાગવત શાસ્ત્રનું) શ્રવણ વગેરે કરવું [14]તતઃ તે (શ્રવણાદિક) થી અથવા (દોષ મટી જાય) તે પછી [15]પ્રેમ્ણા (શ્રીભગવાનમાં થયેલા) પ્રેમવડે [16]સર્વં (આ લોક અને પરલોક સમ્બન્ધી) બધું [17]કાર્યં કરવા યોગ્ય કામ [18]હિ યોગ્ય રીતે [19]સિદ્ધ્યતિ સિદ્ધ થાય છે (અને) [20]મોક્ષઃ મોક્ષ [21]તુ તો [22]વિષ્ણોઃ શ્રીવિષ્ણુથી [23]સુલભઃ સુલભ છે [25]તુ અને [24]ભોગઃ ભોગ [26]શિવતઃ શિવજીથી [27]તથા તેમ (સુલભ છે.)

ટીકા–દેહાભિમાની એવા બધા જીવો પોતાના સહજ દેવ મનુષ્ય અને આસુરાદિક સ્વભાવથી દોષવાળાછે અથવા જીવ માત્ર શ્રીભગવાનના સહજદાસ છે અને ભગવત્સેવા કરવી તે તેનો ધર્મ છે તેથી તેઓ જો પોતાના સ્વામિને જેમ સંતોષ થાય તેવી રીતની સેવા ન કરે તો પોતાના સેવા રૂપી ધર્મથી ખશી જવાથી દોષવાળા થાય છે માટે તે દોષ મટાડવા સારૂં હમેશાં શ્રીભાગવતશાસ્ત્રનું શ્રવણ વગેરે કરવું અને તે શ્રવણ વગેરેને કરવાથી શ્રીભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય છે તેણે કરીને તેમનું બધું આ લોક પરલોકનું કરવા લાયક કામ સિદ્ધ થાય છે. અહિં કોઈ શંકા કરે કે મોક્ષને માટે તો પ્રયત્ન કરવો ? ત્યાં પ્રમાણ સહિત કહે છે કે कीर्त्तनादेव कृष्णस्य मुक्तबंध परं व्रजेत् ॥ શ્રીકૃષ્ણના નામ કીર્તનથીજ સંસારના સર્વ બંધનમાંથી છુટીને પરમ પદને પામે છે. આ શ્લોકમાં कृष्णस्य એ શબ્દથી શ્રુતિસિદ્ધ પરબ્રહ્મનેજ કહેલા છે અને તેના કીર્તનથીજ ત્યાં एव શબ્દ છે તે બીજાના કીર્તનનો વ્યવચ્છેદ કરે

*ટિપ્પણ–આ ઠેકાણે આદિપદે કરીને કીર્ત્તન અને સ્મરણ વગેરે નવવિધ ભજન સમજવું.

છે પરં એ શબ્દથી પણ શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ બતાવી છે. તેમજ પદ્મપુરાણમાં "न कर्मबन्धनं जन्म वैष्णवानाञ्च विद्यते । विष्णोरनुचरत्वं हि मोक्षमाहुर्मनीषिणः" વૈષ્ણવોને જન્મ અને કર્મ રૂપી બંધન નથી હોતું કારણ કે શ્રીવિષ્ણુનું દાસ્યપણું તેમનામાં છે તેનેજ બુદ્ધિવાળા પંડિત લોકો નિશ્ચયે કરીને મોક્ષ કહે છે, તેમ, મોક્ષ છે તે શ્રીવિષ્ણુથી સુલભ છે અને ભોગ શિવજીથી સુલભ છે એવો નિશ્ચય છે.

श्लोकः-समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद्ध्रुवं ।
अतदीयतया चापि केवलश्चेत्समाश्रितः॥१८॥
तदाश्रयतदीयत्वबुद्ध्यै किंचित्समाचरेत् ।
स्वधर्ममनुतिष्ठन्वै भारद्वैगुण्यमन्यथा ॥१९॥

पदानि—समर्पणेन आत्मनः हि तदीयत्वं भवेत् ध्रुवं अतदीयतया च अपि केवलः चेत् समाश्रितः तदाश्रयतदीयत्वबुद्ध्यै किञ्चित् समाचरेत् स्वधर्मं अनुतिष्ठन् वै भारद्वैगुण्यं अन्यथा ।

सान्वयपदार्थः—(પોતાના આત્મા વગેરે સર્વ વસ્તુનું પ્રભુને) સમર્પણ કરવા વડે आत्मनः જીવને हि નિશ્ચયે કરીને समर्पणेन અર્પણ કરવાથી तदीयत्वं તેનાપણું ध्रुवं નિશ્ચલ भवेत् થાય. च અને अतदीयतया (કહ્યા પ્રમાણે) તદીયપણું નહીં હોવાયે કરીને अपि પણ केवलः (તદીયપણાથી) રહીત चेत् જો समाश्रितः સારી રીતે આશ્રિત થાય (તો) तदाश्रयतदीयत्वबुद्ध्यै તદાશ્રય અને તદીયપણાને જાણવા સારૂ स्वधर्मं પોતાના (વર્ણાશ્રમરૂપ) ધર્મને अनुतिष्ठन् આચરણ કરતો થકો किञ्चित्

(શ્રીઆચાર્યજીની શરણાગતિ રૂપ) કાંઈક સાધનને [૧૫] समाचरेत् સારી રીતે આચરણ કરે [૨૦] अन्यथा તેમ નહિ કરે તો [૧૮] वै નિશ્ચયે કરીને [૧૯] भारद्वैगुण्यं બમણો ભાર (થાય.)


ટીકા—પોતાના આત્મા વગેરે સર્વ વસ્તુનું પ્રભુને સમર્પણ કરવાથી નિશ્ચયે કરીને તે જીવને તેનાપણું નિશ્ચલ સિદ્ધ થાય છે, અને કહ્યા પ્રમાણે તદીયપણું સિદ્ધ ન થાય અને કેવળ જો આશ્રય કરે તો કેવળ આશ્રયથી સારી ગતી થાય તેમ કહેલું છે "मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः॥ स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेपि यांति परां गतिम्" હે અર્જુન! પાપયોનીવાળાં પણ જે સ્ત્રી, વૈશ્ય, અને શૂદ્ર વગેરે તે પણ મારો આશ્રય કરીને ઉત્તમ ગતિને પામે છે" પણ સમર્પણ કર્યા વિના તદીયપણું નથી મળતું. તેમજ કેવળ આશ્રયથી સારી ગતિ મળ્યા પછી તે આશ્રય પણ નથી રહેતો કારણ કે તેણે તે આશ્રય સારી ગતિનાં સાધન રૂપ જાણીને કરેલો છે તેથી તેને ભક્તિમાર્ગ ફલ રૂપ થતો નથી "न योगसिद्धिं न पुनर्भवं वा वाञ्छन्ति यत्पादरजः प्रपन्नाः" જેના ચરણની રજને પ્રાપ્ત થયેલા ભક્ત લોકો અષ્ટાંગ યોગની સિદ્ધિને અથવા મોક્ષને પણ ઇચ્છતા નથી. એવી રીતે નિરતિશય મોટાઇને કહેનારા આ વાક્યોથી ફલ રૂપ એવો ભક્તિમાર્ગ તેને સિદ્ધ થતો નથી માટે તેનો આશ્રય અને તેનાપણું શું છે તે જાણવા સારૂ પોતાના વર્ણાશ્રમના ધર્મને નહિ છોડીને શ્રીઆચાર્યજીની શરણાગતિરૂપ કાંઇક સાધન હમેશાં કરવું, તેમ નહિ કરે તો પોતાના ઉપર બમણો બોજો થાય એટલે ફળ નહી મળવાથી સાધનનો એક (ખાલી) ભાર થાય અને સ્વધર્મ છોડવાથી પ્રત્યવાય (દોષ) લાગે તેનો બીજો ભાર થાય એમ બમણો ભાર થાય.

श्लोकः–इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः॥२०॥

पदानि–इति एवं कथितं सर्वं न एतज्ज्ञाने भ्रमः पुनः।

સાન્વયપદાર્થ–एवं એ રીતે सर्वं બધું कथितं (અમે) કહ્યું एतज्ज्ञाने એવું જ્ઞાન થાય ત્યારે पुनः ફરીથી भ्रमः સંભ્રમ (સંદેહ) न (થતો) નથી इति એમ (છે)

ટીકા–એ રીતે અમોએ બધું કહ્યું. એનું જ્ઞાન સારી રીતે જ્યારે થાય ત્યારે ફરીથી કોઇ બાબતમાં સંભ્રમ એટલે સંદેહ થતો નથી એમ જાણવું.



વૈષ્ણવોને સુચના.

દોહરો.

કરશે વૃદ્ધિ ધર્મની, સંશય કરશે દૂર;
આ પુસ્તક વાંચે થકી, ભક્તિ વધે ભરપુર. ૧
શક્તિ વધશે વાંચતાં, થાશે અક્ષર જ્ઞાન;
નામ હરિનું એ મિષે, લેવાશે સત નામ. ૨
તેથી તમે આળસ તજી, બેઘડી વાંચો એહ;
જન્મ મરણના દુઃખ થકી, છુટે આ નિજ દેહ. ૩
દુઃસંગ શત્રુ છેદવા, ખડગ મળ્યું તમ હાથ;
જો એને તમે મુકશો, વૈરી ભરશે બાથ. ૪
લખ્યાં નામ જે વૈષ્ણવે, પુસ્તક લેવા કાજ;
તે તો હવે લેતા નથી, આ કલિયુગને રાજ. ૫
બુદ્ધિ બગડી સર્વની, ચેતો સર્વે જન;
વૈષ્ણવ થઈ અજ્ઞાનમાં, કેમ પડયું આ મન. ૬
જન્મ મૃત્યુ પાલણ સૌ, છેજ હરિને હાથ;
અંતે કાંઈ નવ આવશે, પ્રાણ ગયે તમ સાથ. ૭
હરિ ભક્તિ સુખકર છે, કલિમાં તારણ નાવ;
મહા દોષ બાળે સદા, રાખો તેપર ભાવ. ૮
અજામેલ મહા પાતકી, મામકી વેશ્યા જેહ;
ચાર ઘડી ખટવાંગ નૃપ, હરિને પામ્યો તેહ. ૯
ગજને જ્ઞાન ન ઉપજે, (પણ) ભક્તિ તણે પ્રતાપ;
જ્ઞાન ઉપજ્યું હરિતણું, દર્શન પામ્યો આપ. ૧૦
ગુરૂએ તમપર કરી કૃપા, પુસ્તક આપ્યું સાર;
ભાષણ સર્વે શાસ્ત્રનું, એ. જાણો નિરધાર. ૧૧
પછી જો હોય ન ભાગ્ય બળ, તેનું કહ્યું ન જાય;
માંખણ મુકી છાશને, રોગી ખાવા ધાય. ૧૨
આ શિક્ષા નહિ માનશો, પસ્તાશો તમ અંત;
કાળ અને માયા વળી, નહિ મકે તમ અંત. ૧[illegible]

જાહેર ખબર.

		નોછાવર	
૧.	શ્રીસર્વોત્તમસ્તોત્ર સટીક	ભેટ	,,
૨.	શ્રીગોકુલનાથજીકૃત વચનામૃત	૦—૪—૦	૦
૩.	રસિકબોળ પદ સંગ્રહ....	૦—૮—૦	૦—૧
૪.	શ્રીઅષ્ટાક્ષર નિરૂપણ તથા શ્રીકૃષ્ણાશ્રય અને ગોપીકાગીત સમશ્લોકી....	૦—૨—૦	૦—૦—૬
૫.	સ્વધર્મ બોધક ગ્રંથ (શ્રીજદુનાથજી મહારાજ કૃત, સુરત)....	૦—૩—૦	૦—૦—૬
૬.	સ્વધર્મવર્ધક અને સંશયછેદક પુસ્તક ૧લું.	૦—૨—૦	૦—૦—૬
૭.	,, ,, પુ. ૨ જું તથા ૩ જું.	૦—૪—૦	૦—૦—૬
૮.	,, ,, પુ. ૪ થું અને શ્રીયમુનાષ્ટક સટીક.	૦—૪—૦	૦—૦—૬
૯.	,, ,, પુ. ૫ મું અને શ્રીબાળબોધ સટીક	૦—૪—૦	૦—૦—૬
૧૦.	શ્રીવલ્લભાખ્યાન તથા મૂલ પુરુષ....	૦—૩—૦	૦—૦—૬

હાલ ઉપર બતાવેલાં પુસ્તકો ને ત્યારબાદ નવાં છપાતાં જ તે, જે કોઇ વૈષ્ણવ દેશાવરવાળા એકજવાર ટપાલ ખર્ચ સાથે રૂ. ૨—૪—૦ અને તેથી ઉપરાંત પોતાની શકિત પ્રમાણે ભરે છે તેમને ભેટ દાખલ આપવામાં આવે છે. ગરીબથી તે તવંગર વૈષ્ણવો સદરહુ પુસ્તકોનો લાભ એકસરખી રીતે લેઇ શકે તેને માટે ફંડમાં ભરવાની રકમ જુજ રાખી છે. માટે શ્રીમંત વૈષ્ણવો હવે આવો અલૌકિક અલભ્ય લાભ ગનિમત રીતે પોતાની યોગ્યતા પ્રમાણે રકમ ભરી, લેવા ચુકશો નહીં.

ઉપર પૈકી એક જાતની ૧૦) નકલો લેનારને એક પુસ્તક ભેટ દાખલ આપવામાં આવશે.

નાટપેડ કાગળ લેવામાં આવશે નહી, જવાબ માટે ટિકિટ બીડવી.

સંવત ૧૯૬૮ ના શ્રાવણ વદ ૦)) ને બુધવાર.
તા. ૧૧—૯—૧૯૧૨.
જેઠાભાઈની પોળ, ખાડીયા—અમદાવાદ.

લી. દાસાનુદાસ
વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ
ના દીનતાપૂર્વક જયશ્રીકૃષ્ણ વાંચશો.

તા. ક.—કેટલાક વૈષ્ણવો પાછળથી મેમ્બર થઇ અમારી પાસે પ્રથમનાં નિકળેલાં પુસ્તકો સીલકમાં નહીં હોવા છતાં માગે છે તે ઘણું જ શોચનીય અને ગેરવ્યાજબી છે. વહેલો તે પહેલો.